RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 263* Date: 20.07.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ચિંતાજનકઃ દેશમાં ત્રણ દિવસમાં જ એક લાખ કેસ નોંધાયા

# કોરોનાઃ ૨૪ કલાકમાં ૩૯ હજાર પોઝિટિવ કેસો, ૫૪૩ના મોત

## કુલ કેસોની સંખ્યા ૧૦.૭૭ લાખ, મૃત્યુઆંક ૨૬૮૧૬એ પહોંચ્યો,મહારાષ્ટ્રમાં સંક્રમિતોનો આંકડો ૩ લાખને પાર

*ન્યુ દિલ્હી,તા.૧૯*

ભારતમાં અનલોક-૨માં અમેરિકા અને બ્રાઝીલ બાદ દરરોજ કેસમાં વધારો થઇ રહ્યો હોય તેમ અત્યારસુધીમાં સૌથી વધુ એક જ દિવસમાં ૩૯ હજારની નજીક કેસો સામે આવ્યાં છે.તે સાથે જ દેશમાં સંક્રમિતોની સંખ્યા ૧૦ લાખને પાર પહોંચીને હવે ગણતરીના કલાકોમાં ૧૧ લાખ કેસો થઇ જાય તેમ છે. સ્વાસ્થ્ય મંત્રાલયના તાજા આંકડા અનુસાર, ગઇકાલ શનિવારે ૩૮,૯૦૨ કેસો નોંધાતા તે સાથે દેશમાં અત્યાર સુધી ૧૦ લાખ ૭૭ હજાર ૬૧૮ લોકો કોરોનાથી સંક્રમિત થઈ ચૂક્યા છે. સૌથી વધુ કેસો મહારાષ્ટ્રમાં નોંદાયા છે. સતત ત્રીજા દિવસે ૩૦ હજારની ઉપર કેસો સામે આવ્યાં છે. વધુ ૫૪૩ના મોત સાથે કુલ ૨૬,૮૧૬ લોકોના મોત થઈ ચૂક્યા છે, જો કે અત્યારસુધીમાં ૬ લાખ ૭૭ હજાર લોકો સાજા થયા છે.વધતાં જતાં કેસોને કારણે કેટલાક શહેરો અને બિહારમાં ફરી લોકડાઉનનો અમલ કરવાની ફરજ પડી છે.શહેરોની સાથે ગ્રામિણ ક્ષેત્રમાં કેસો વધતાં સત્તાવાળાઓ વધારે ચિંતિત બન્યા હોવાનું પણ સમજાય છે. કેમ કે ગામડાઓમાં શહેરો જેવી ઝડપી આરોગ્ય સુવિધા ખૂબ ઓછી હોય છે. ગઇકાલે શનિવારે વધુ ૩,૫૮,૧૨૭ સેમ્પલો ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

આજે રવિવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના એટલે કે શનિવારના આંકડા જાહેર કરવામાં આવ્યાં હતા.. આ આંકડા અનુસાર, દેશમાં હાલમાં ૩ લાખ ૭૩ હજાર ૩૭૯ દર્દીઓ સારવાર હેઠળ છે. સૌથી વધુ એક્ટિવ કેસ મહારાષ્ટ્રમાં છે. મહારાષ્ટ્રમાં ૯૩ હજારથી વધુ દર્દીઓની સારવાર ચાલી રહી છે. તેના બાદ તમિલનાડુ, દિલ્હી, ગુજરાત અને પાંચમાં નંબરે પશ્ચિમ બંગાળ છે. આ પાંચ રાજયમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. ભારત દુનિયામાં એક્ટિવ કેસ મામલે ચોથા નંબરે છે.



જયારે, ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના ચેરમેન ડો.વીકે યાદવે કહ્યું કે, દેશમાં હવે કોરોનાનું કોમ્યુનિટી સ્પ્રેડ શરૂ થઈ ગયું છે. સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. મિડિયાને તેમણે કહ્યું કે, રોજ ૩૦ હજારથી વધુ કેસ સામે આવી રહ્યા છે. સૌથી ખરાબ વાત તો એ છે કે હવે સંક્રમણ ગ્રામીણ વિસ્તારોમાં ફેલાઈ રહ્યું છે.

બીજી તરફ, કર્ણાટકના દક્ષિણ કન્નડ જિલ્લામાં ૨૩ જુલાઈ સુધી લોકડાઉન લગાવી દેવાયું છે. જો કે, આ દરમિયાન સવારે ૮ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી છૂટ આપવામા આવી છે. મધ્યપ્રદેશના ભોપાલમાં રવિવારે પૂર્ણ લોકડાઉનનો અમલ કરાયો હતો. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે રાજધાનીમાં સંક્રમણની ટકાવારી ૧૦% થવા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, ભોપાલમાં હવે દુકાનો રાતે ૧૦ વાગ્યાની જગ્યાએ ૮ વાગ્યે બંધ થશે.

મહારાષ્ટ્રમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી(એનસીપી)ના વરિષ્ઠ નેતા અને પરભાણીથી મહારાષ્ટ્ર વિધાન પરિષદના સભ્ય બાબજાની દુરાનીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.રાજ્ય સરકારે સપ્ટેમ્બર મહિનામાં અંતિમ વર્ષની પરીક્ષા માટે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગના દિશા-નિર્દેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે.

ઉત્તરપ્રદેશમાં મંત્રી કમલા રાની પણ કોરોના પોઝિટિવ મળી આવી છે.તેમને સંજય ગાંધી પીજીઆઈમાં દાખલ કરાવાયા છે. મંત્રી કમલા રાની કાનપુરના ઘાટમપુરથી ધારાસભ્ય છે. તો આ તરફ વરિષ્ઠ આઈપીએસ અધિકારી નવનીત સિકેરા કોરોના પોઝિટિવ મળી આવ્યા છે.

બિહાર સરકારે કેસો વધતાં તમામ જિલ્લામાં એન્ટીજન કીટથી તપાસ કરવાનો નિર્ણય કર્યો છે. સરકારે જણાવ્યું કે, લક્ષણ લાગે એવા લોકો હોસ્પિટલમાં જઈને મફત તપાસ કરાવી શકે છે. રાજયમાં શ્રમ સંસાધન મંત્રી અને લખીસરાય ધારાસભ્ય વિજય કુમાર સિન્હા, પાટલિપુત્રાના સાંસદ રામકૃપાલ યાદવ અને તેમના પત્ની કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. મંત્રી વિજય કુમારની પટનામાં એઈમ્સમાં સારવાર ચાલી રહી છે.

દરમ્યાન, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ:આઈસીઆમઆર) અનુસાર, ૧૮ જુલાઈ સુધી ટેસ્ટ કરવામાં આવેલા સેમ્પલોની કુલ સંખ્યા ૧,૩૭,૯૧,૮૬૯ છે. જેમાંથી ૩,૫૮,૧૨૭ સેમ્પલો શનિવારે ટેસ્ટ કરવામાં આવ્યા હતા

કોરોના સંક્રમિતોની સંખ્યાના હિસાબે ભારત દુનિયાનો ત્રીજો સૌથી વધુ પ્રભાવિત દેશ છે. અમેરિકા, બ્રાઝીલ બાદ કોરોના મહામારીથી સૌથી વધુ પ્રભાવિત ભારત છે, પરંતુ પ્રતિ ૧૦ લાખ વસ્તી પર સંક્રમિત કેસ અને મૃત્યુદરની વાત કરીએ તો અન્ય દેશોની તુલનામાં ભારતની સ્થિતિ સારી છે. ભારત કરતા વધુ કેસ અમેરિકા (૩,૮૩૩,૨૭૧), બ્રાઝીલ (૨,૦૭૫,૨૪૬)માં છે.

### ઈન્ડિયન મેડિકલ એસોસિએશન(IMA)નો ગંભીર દાવો

# કોરોનાનું કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ,સ્થિતિ વધુ બદતર થશે



*ન્યુ દિલ્હી,તા.૧૯*

ભારતમાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે અને દેશમાં દરરોજ કોરોનાના ૩૪,૦૦૦ કરતા પણ વધુ નવા દર્દીઓ સામે આવી રહ્યા છે. અત્યાર સુધીમાં ભારતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૦,૩૮,૭૧૫ના આંકડાને પાર કરી ગઈ છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન(આઈએમએ)ના કહેવા પ્રમાણે ભારતમાં કોરોનાનું કોમ્યુનિટી સ્પ્રેડ શરૂ થઈ ગયું છે અને સ્થિતિ ખરાબ થઈ ગઈ છે.

આઈએમએ હોસ્પિટલ બોર્ડ ઓફ ઈન્ડિયાના ચેરપર્સન ડો. વી.કે. મોંગાના કહેવા પ્રમાણે દેશમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યામાં ખૂબ જ ઝડપથી વધારો થઈ રહ્યો છે જે ખૂબ જ ખતરનાક સ્થિતિ છે. ડો. મોંગાના કહેવા પ્રમાણે ભારતમાં દરરોજ ૩૦,૦૦૦ કરતા પણ વધારે કોરોના કેસ સામે આવી રહ્યા છે અને વાસ્તવમાં તે દેશ માટે ખૂબ જ ખરાબ સ્થિતિ છે. હવે કોરોના ગ્રામીણ વિસ્તારોમાં પણ ફેલાઈ રહ્યો છે જે ખરાબ સંકેત છે અને તેમાં કોમ્યુનિટી સ્પ્રેડ દેખાઈ રહ્યું છે.

ડો. મોંગાનું આ નિવેદન ખૂબ જ મહત્વનું છે કારણ કે, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય સતત એમ જ કહી રહ્યું છે કે અત્યાર સુધીમાં ભારતમાં કોરોના વાયરસનું કોમ્યુનિટી સ્પ્રેડિંગ શરૂ નથી થયું. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આ દાવાને અનેક હેલ્થ એક્સપર્ટ્સે પણ પડકારેલો છે. આ સાથે જ કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા મામલે ભારત વિશ્વમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે.અમેરિકા અને બ્રાઝિલ બાદ ભારતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા સૌથી વધારે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે શનિવારે બહાર પાડેલા આંકડાઓ પ્રમાણે ભારતમાં અત્યાર સુધીમાં ૧૦,૩૮,૭૧૬ લોકો કોરોનાની લપેટમાં આવી ગયા છે અને તે પૈકીના ૨૬,૨૭૩ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ઉપરાંત તેમાંથી ૬,૫૩,૭૫૧ લોકો સારવારના કારણે સાજા થઈ ગયા છે અને તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

ડો. મોંગાએ જણાવ્યું કે હવે કોરોના વાયરસ ગામડાઓ અને નાના નાના નગરોમાં ફેલાઈ રહ્યો છે જેથી સ્થિતિને નિયંત્રણમાં લેવી ખૂબ મુશ્કેલ બની ગઈ છે. સાથે જ તેમણે સવાલ કર્યો હતો કે દિલ્હીમાં તો કોરોનાને કંટ્રોલમાં કરી લેવાયો પરંતુ મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, ગોવા અને મધ્ય પ્રદેશના દૂરસ્થ ક્ષેત્રોનું શું થશે?

ડો. મોંગાએ જણાવ્યું કે, કોરોના વાયરસ એક એવી બીમારી છે જે ખૂબ જ ઝડપથી ફેલાઈ રહી છે. તેનો સામનો કરવા માટે રાજ્ય સરકારોએ સંપૂર્ણ સાવધાની રાખવી જોઈએ અને કેન્દ્ર સરકારોની મદદ લેવી જોઈએ.

ભારતમાં પાછલા ત્રણ દિવસમાં સતત રોજના ૩૦,૦૦૦ કરતા વધારે કેસ નોંધાઈ રહ્યા છે. તેની સાથે જ કોરોના સંક્રમિત લોકોની કુલ સંખ્યા વધીને ૧૦,૭૬,૮૬૧ થઈ ગઈ છે, જેમાં કુલ ૨૬,૭૮૭ લોકોના મોત થઈ ગયા છે. દેશમાં કુલ એક્ટિવ કેસ ૩.૭૪ લાખ છે જ્યારે ૬.૭૫ લાખ લોકો વાયરસને હરાવીને સ્વસ્થ થઈને પોતાના ઘરે પરત ફર્યા છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા : ૯૬૫**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૪૮૪૪૧**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુઃ ૨૦**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા : ૮૭૭**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૩૪૮૮૨**

### રાજ્યપાલ સાથેની મુલાકાતમાં ૧૦૩ ધારાસભ્યોના સમર્થનનો દાવો કર્યો

# રાજસ્થાનમાં રસપ્રદ વળાંકઃ ગેહલોત બુધવારે શક્તિ પરીક્ષણ કરે તેવી શક્યતા

*જયપુર,તા.૧૯*

રાજસ્થાનમાં થોડાક દિવસોથી ચાલી રહેલા રાજકીય ઘમાસાણની વચ્ચે અહેવાલ આવી રહ્યા છે કે રાજયના મુખ્યમંત્રી અશોક ગહલોત બહુમત સાબિત કરવા માટે બુધવારે વિધાનસભા સત્ર બોલાવી શકે છે. સૂત્રો મુજબ, અશોક ગહલોતએ શનિવારે સાંજે રાજ્યપાલ કલરાજ મિશ્ર સાથેની મુલાકાત દરમિયાન ૧૦૩ ધારાસભ્યોના સમર્થનનો દાવો રજૂ કર્યો છે. જોકે, રાજભવન તરફથી તેને શિષ્ટાચાર મુલાકાત કહેવામાં આવી રહી છે. પરંતુ હકીકતમાં રાજ્યમાં રાજકીય ઉથલપાથલની વચ્ચે આ મુલાકાતને અગત્યની માનવામાં આવી રહી છે.

સૂત્રો મુજબ, મુખ્યમંત્રી અશોક ગહલોતે રાજ્યની હાલના રાજકીય ઘટનાક્રમની જાણકારીથી રાજ્યપાલ કલરાજ મિશ્રને માહિતગાર કર્યા અને સાથોસાથ બુધવારે વિધાનસભા સત્ર બોલાવવાની ઈચ્છા વ્યક્ત કરી. સૂત્રો મુજબ, બુધવારથી શોર્ટ ટર્મ પર સત્ર બોલાવી શકાય છે, જ્યાં અશોક ગહલોત ગૃહમાં બહુમત સિદ્ધ કરી શકે છે. અશોક ગહલોતે જે ૧૦૩ ધારાસભ્યોના સમર્થનનો દાવો કર્યો છે તેમાં કૉંગ્રેસના ૮૮, બીટીપીના ૨, સીપીએમના ૨, આરએલડીના ૧ અને ૧ અપક્ષ ધારાસભ્ય સામેલ છે.

માનવામાં આવી રહ્યું છે કે વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ પાસ કરીને મુખ્યમંત્રી અશોક ગહલોત પોતાની સરકાર પર ઘેરાયેલા સંકટના વાદળોને હટાવવા માંગે છે. તેની સાથે ૧૯ બળવાખોર ધારાસભ્યોનું સભ્યપદ રદ કરવાનો પણ રસ્તો સાફ થશે. આ ધારાસભ્યો વિરુદ્ધ કૉંગ્રેસના મુખ્ય સચેતક (વ્હિપ) મહેશ જોશીની ફરિયાદ બાદ વિધાનસભાના સ્પીકર સીપી જોશીએ અયોગ્યતા નોટિસ જાહેર કરી છે.

નોંધનીય છે કે, આ બળવાખોર ધારાસભ્યોના સભ્યપદ પર રાજસ્થાન હાઈકોર્ટમાં સોમવારે સુનાવણી થવાની છે. આ પહેલા હાઈકોર્ટે સ્પીકરના બળવાખોર પર નિર્ણય પર મંગળવાર સુધી રોક લગાવી દીધી હતી.

# ટ્વિટર પર વડાપ્રધાન મોદીનો દબદબોઃ ફોલોઅર્સ ૬ કરોડ થયા

*ન્યુ દિલ્હી,તા.૧૯*

માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વિટર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુ એક સિદ્ધિ હાંસેલ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ટ્વિટર એકાઉન્ટ પર ફોલોઅર્સની સંખ્યા ૬૦ મિલિયન એટલે કે ૬ કરોડ થઈ ગઈ છે. હાલ વડાપ્રધાન મોદીને ટ્વિટર એકાઉન્ટને ૬ કરોડ લોકો ફોલો કરે છે જ્યારે વડાપ્રધાન મોદી ૨,૩૫૫ લોકોને ફોલો કરે છે.




વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટ્વિટર પર જ નહીં પરંતુ દુનિયાભરના એવા નેતાઓમાં સામેલ છે જેમને સૌથી વધારે ફોલો કરવામાં આવે છે. વડાપ્રધાન મોદી ટ્વિટર પર સૌથી પહેલા એકાઉન્ટ બનાવનારા નેતાઓમાંથી એક છે. તેમણે ૨૦૦૯માં ટ્વિટર પર એકાઉન્ટ બનાવ્યું હતું. ત્યારે જ કોંગ્રેસના નેતા શશિ થરૂર પણ ટ્વિટર પર આવ્યા હતા. જો કે ફોલોઅર્સ મામલે નરેન્દ્ર મોદીએ શરૂ થરૂરને ઘણાં પાછળ છોડી દીધા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ટ્વિટર પર ૨ કરોડ ૧૬ લાખ ફોલોઅર્સ છે. ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ મે ૨૦૧૩માં ટ્વિટર સાથે જોડાયા હતા. એપ્રિલ ૨૦૧૩માં ટ્વિટર પર સક્રિય થયેલા રક્ષામંત્રી રાજનાથસિંહના ૧ કરોડ ૭૮ લાખ ફોલોઅર્સ છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીના ટ્વિટર પર ૧ કરોડ ૫૨ લાખ ફોલોઅર્સ છે. તેઓ એપ્રિલ ૨૦૧૫માં આ પ્લેટફોર્મ પર સક્રિય થયા હતા. સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાના ટ્વિટર ફોલોઅર્સની સંખ્યા એક કરોડથી ઓછી છે.

# દિલ્હી-એનસીઆરમાં ધોધમાર વરસાદ, અનેક વિસ્તારોમાં પાણી ભરાયા

*ન્યુ દિલ્હી,તા.૧૯*

લાંબા સમયથી વરસાદની આતુરતા પૂર્વક રાહ જોઈ રહેલા દિલ્હી-એનસીઆરના કરોડો લોકો માટે રાહતના સમાચાર છે. રવિવારે વહેલી સવારથી જ દિલ્હીની આસપાસના વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો છે. અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ભારે વરસાદના કારણે એક તરફ લોકોને બફારામાંથી રાહત મળી છે, તો બીજી તરફ નીચાણ વાળા વિસ્તારો જળ બંબાકાર થયા હોવાના સમાચાર સામે આવી રહ્યાં છે.

દિલ્હીની સાથે નોઈડા, ફરિદાબાદ અને ગાઝિયાબાદમાં પણ ભારે વરસાદ નોંધાયો છે. દિલ્હીમાં રેલ ભવન અને તીન મૂર્તિ નજીક પણ મૂશળધાર વરસાદ વરસ્યો છે. કેટલાક વિસ્તારોમાં પાણી પણ ભરાયા હોવાના કારણે લોકોને હાલાકી પડી રહી છે.

મૂશળધાર વરસાદને પગલે દિલ્હીના મિન્ટો રોડ વિસ્તારમાં આવેલ અંડરબ્રિજમાં પણ પાણી ભરાઈ ગયા છે. આ દરમિયાન અહીંથી પસાર થઈ રહેલી એક ડીટીસી બસ પાણીમાં ડૂબી ગઈ હતી. જેના કારણે લોકો બસમાંથી નીકળીને છત પર ચઢી ગયા હતા. જયાંથી સીડીની મદદથી પેસેન્જરોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. આ બ્રિજ પાસે ૬૦ વર્ષના એક વ્યક્તિનું ડુબવાના કારણે મોત થયું છે. મધ્ય દિલ્હીમાં ભારે વરસાદના પગલે પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકીનો સામો કરવો પડી રહ્યો છે. આજ રીતે હરિયાણાના નારનૌલ અને ફરીદાબાદમાં પણ ઝરમર વરસાદથી રવિવારની સવારે ખુશનુમા વાતાવરણ જોવા મળ્યું છે. દિલ્હીમાં આગામી બે દિવસ સુધી ભારે વરસાદની આગાહી છે. દિલ્હીમાં ૨૧ જુલાઈ સુધી ભારે વરસાદ થઈ શકે છે.

## તંત્રી સ્થાનેથી...

# બિટકૉઈન સ્કૅમ: બિલ ગેટ્સ, ઝેફ બેઝોસ, એલન મસ્ક સહિત અનેક ટ્વિટર એકાઉન્ટ હૅક

અબજપતિમાં જેમની ગણતરી થાય છે એવા એલન મસ્ક, ઝેફ બેઝોસ અને બિલ ગેટ્સ સહિત દુનિયાના અનેક બિઝનેસમૅન, નેતાઓના ટ્વિટર ઍકાઉન્ટ હૅક કરી લેવામાં આવ્યાં છે.આ કિંગ બિટકૉઈન સ્કૅમ છે. હૅક કરવામાં આવેલા ઍકાઉન્ટ્સ પરથી કરવામાં આવેલી પોસ્ટ્સમાં બિટકૉઈન દાનમાં માગવામાં આવ્યા છે.બિલ ગેટ્સના ઍકાઉન્ટ પરથી કરવામાં આવેલા ટ્વીટમાં કહ્યું છે, મને દરેક વ્યક્તિ સમાજને પરત આપવા વિશે કહેતી હોય છે, હવે એ સમય આવી ગયો છે. તમે મને એક હજાર ડૉલર મોકલો, હું તમને બે હજાર ડૉલર પરત મોકલીશ.ટેસ્લા અને સ્પેસ એક્સના પ્રમુખ એલન મસ્કના ઍકાઉન્ટ પરથી કરાયેલા ટ્વીટમાં લખ્યું છે કે આગામી એક કલાક સુધી બિટકૉઈનમાં મોકલવામાં આવેલા પૈસાને બમણા કરીને પરત આપવામાં આવશે.બિટકૉઈનના ઍડ્રસની લિંક સાથે ટ્વીટમાં લખ્યું છે, હું કોવિડ મહામારીના કારણે દાન કરી રહ્યો છું.થોડી મિનિટોમાં જ આ ટ્વીટ્સ ડિલીટ પણ થઈ ગયાં હતાં.અમેરિકાના જાણીતા રૅપર કાનયે વેસ્ટ, પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને ડેમોક્રૅટિક પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બાઈડન ઉપરાંત દુનિયાની મોટી કંપનીઓ પૈકી શામિલ ઉબર અને ઍપલના ઍકાઉન્ટ્સ પણ હૅક કરવામાં આવ્યાં હતાં.થોડી જ વારમાં સેંકડો લોકોએ એક લાખ ડૉલર કરતાં વધારે રકમ મોકલી દીધી. જે ઍકાઉન્ટ્સને નિશાન બનાવવામાં આવ્યાં છે, એમના મિલિયન્સમાં ફૉલોઅર્સ છે.ટ્વિટરે કહ્યું છે કે તેઓ આ ઘટનાની તપાસ કરી રહ્યા છે અને જલદી જ નિવેદન જાહેર કરશે.અન્ય એક ટ્વીટમાં ટ્વિટર લખે છે કે આ ઘટનાની તપાસ કરાઈ રહી છે, જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી પાસવર્ડ રિસેટ કરી નહીં શકાય અને ટ્વીટ પણ નહીં કરી શકાય.ઉલ્લેખનીય છે કે અનેક ટ્વિટર યૂઝર્સ અન્ય સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ્સ પર લખી રહ્યા છે કે તેઓ ટ્વીટ નથી કરી શકી રહ્યા.તાજેતરમાં અમેરિકાના પર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા, માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ સહિત વિશ્વના દિગ્ગજ લોકોના ટ્વીટર એકાઉન્ટ હેક કરી તેનાથી પૈસા ડબલ કરવાની ટ્વીટ એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વીટરની ચિંતામાં ભારે વધારો કરી દીધો છે. ટ્વીટર આ મુદ્દે સતત પ્રયત્ન કરી રહ્યુ છે કે, સ્થિતિ સંભાળી લે. આ દરમિયાન ટ્વીટર તરફથી નિવેદન જાહેર કરવામાં આવ્યુ છે કે અમારુ માનવુ છે કે હૈકર્સ દ્વારા સોશિયલ એન્જીનિયરીંગની મદદથી કેટલાક ટ્વીટર કર્મચારીઓને નિશાન બનાવી તેમનો ડેટાનો ઉપયોગ કર્યો છે. હૈકર્સે ટ્વીટરના ટૂ-ફેક્ટર સુરક્ષા પદ્ધતિ સુધી પહોંચવા માટે પણ ડેટાનો ઉપયોગ કર્યો છે. ટ્વીટરનું કહેવુ છે કે અત્યાર સુધીની માહિતી મુજબ હૈકર્સએ ૧૩૦ ટ્વીટર એકાઉન્ટ હેક કરવા માટે અમારી ઈન્ટરનલ સપોર્ટ ટીમના ટૂલ્સ ઉપયોગમાં લીધા છે. જેમાંથી ૪૫ એકાઉન્ટ્સ માટે હૈકર્સ પાસવર્ડ રિસેટ અને લોગિન કરવાની સાથે ટ્વીટ કરવા માટે સક્ષમ છે. ટ્વીટર દુનિયાના દિગ્ગજ લોકોના એકાઉન્ટ હેક થવા પર માફી માંગી હતી. નોંધનીય છે કે હૈકર્સ દ્વારા બુધવારે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા, એમેઝોનના સીઈઓ જેફ બોજોસ, ઉદ્યોગપતિ એલન મસ્ક, માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ, રાજનેતાઓ અને પ્રમુખ કંપનીઓના ટ્વીટર એકાઉન્ટ હેક કરી લેવામાં આવ્યા હતા. આ કેસને બિટકોઈન સ્કેમ તરીકે જોવામાં આવી રહ્યો છે. સાઈબર સિક્યુરિટી હેડ કરનારી અલ્પેરોવિચનું કહેવું છે કે સામાન્ય લોકોને કેટલેક અંશે નુકસાન પહોંચ્યું છે. આ હૅકની વચ્ચે હૅકર્સ લગભગ ૩૦૦ લોકો પાસેથી ૧ લાખ ૧૦ હજાર બિટકૉઈન ખંખેરવામાં સફળ રહ્યા છે.બિલ ગેટ્સ, ઓબામા, વારેન બફે સહિત અનેક દિગ્ગજોના ટ્વિટર એકાઉન્ટ હૅકનોંધનીય છે કે, જે રીતે રૂપિયા કે ડૉલર છે, તેવી જ રીતે બિટકોઈન હોય છે, તે એક ડિજિટલ કરન્સી છે, જેને ડિજિટલ બેંકમાં જ રાખી શકાય છે. હાલમાં તેને કેટલાક દેશોમાં લાગુ કરવામાં આવી છે અને દરેક સ્થળે એક બિટકોઈનની કિંમત ઘણી વધુ છે. રોકાણ માટે લોકોને તે ઘણી આકર્ષે છે. હાલના સમયમાં તે દુનિયાની સૌથી મોંઘી કરન્સી છે. એક બિટકોઈનની કિંમત ૭ લાખ રૂપિયાથી આસપાસ છે.અમેરિકામાં અનેક દિગ્ગજ હસ્તીઓના ટ્વિટર એકાઉન્ટ હૅક કરી લેવામાં આવ્યા છે. તેમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા, માઈક્રોસોફ્ટના ફાઉન્ડર બિલ ગેટ્સ, દુનિયાના સૌથી અમીર અને ઈન્વેસ્ટમેન્ટ ગુરુ વારેન બફે સામેલ છે. આ ઉપરાંત અમેરિકાની રાષ્ટ્રપ્રમુખ ચૂંટણીમાં ઉમેદવાર જો બિડનનું પણ ટ્વિટર હેન્ડલ હૅક કરી લેવામાં આવ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૦/૦૭/૨૦૨૦, સોમવાર, અષાઢ વદ-૧૫
સૂર્યોદય-૬-૧૪, સૂર્યાસ્ત-૭-૩૨, જૈન નવકારશી-૭-૦૨,
આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ આર્દ્રા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૭-૫૪થી ચલ-લાભ-અમૃત-૧૨-૫૩ સુધી, ૧૪-૩૩ થી શુભ-૧૬-૧૨ સુધી, ૧૯-૩૨ થી શુભ-અમૃત-ચલ-૨૩-૩૩ સુધી

- શુભ હોરા-
૭-૨૧થી ૧૦-૪૦ સુધી, ૧૧-૪૭થી ૧૨-૫૩ સુધી, ૧૫-૦૬ થી ૧૮-૨૫ સુધી ૧૯-૩૨થી ૨૦-૨૫ સુધી

### અકસ્માતના ઈજાગ્રસ્તોને પાલનપુર ખાતે સારવાર અર્થે ૧૦૮ મારફતે ખસેડાયા

# લોડપા અને કૈલાસપુરા હાઈવે નજીક કમાન્ડર જીપ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં ચાર ઘાયલ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત



ચંડીસર પાથાવાડા હાઈવે પરના લોડપા અને કૈલાસપુરા જોડે રવિવારે બપોરે કમાન્ડર જીપ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ચાર વ્યક્તિઓ ને હાથે માથાના ભાગે નાની-મોટી ઈજાઓ થતાં ગાડી ચાલક સહિત ને પાલનપુર ખાતે ૧૦૮ ની મદદ થી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા દાંતીવાડાના લોડપા નજીક કમાન્ડર જીપ જીજે.૦૮.એફ૧૦૫૬માં કુલ છ જેટલા વ્યક્તિઓ સવાર હતા ભાખર ગામેથી બાજરી ભરીને વેચવા માટે દાંતીવાડા કોલોની ખાતે જઈ રહ્યા હતા એ દરમિયાન કોલોની તરફથી આવી રહેલ કાળમુખી ટ્રક જીજે ૦૮.ઝેડ.૨૮૮૯ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જીપ અને ટ્રક ધડાકાભેર અથડાતા ગાડીના આગળના ભાગે કુરચે કુરચા ઉડી ગયા હતા ગાડીમાં બેસેલ લોકો દ્વારા ચિચિયારીઓથી આસપાસના લોકોના ટોળેટોળા ઘટના સ્થળે દોડી આવ્યા હતાં અકસ્માતની જાણ થતાં જ દાંતીવાડા પોલીસ સ્ટાફના માણસો ઘટનાસ્થળે દોડી આવી રોડ ઉપર થયેલ ટ્રાફિક ને દૂર કરી ને ટ્રક ને પોલીસ મથકે લઈ તપાસ હાથ ધરી હતી. જીલ્લાના માર્ગો પર બેફામ રીતે ડમ્પરો ઓવરલોડ ભરીને તમામ નિયમોને નેવી મુકીને દોડી રહયા છે.લોડીંગ વાહનોમાં મુસાફરોને બેસાડીને પણ નિયમોનો ભંગ સરેઆમ થઈ રહયો છે.ટ્રકો અને ટ્રેકટરો પણ આવી જ રીતે ચાલી રહયા છે.વળી ગતિમાં પણ બેફામ હોવાથી માર્ગો પર અનેક અકસ્માતો પણ થઈ રહયા છે.ઈંટ,રેતી,કપચી,કપાસ વગેરે ભરીને જતા આવતા આવા વાહનો દિનરાત રસ્તા પર ચાલી રહયા છે.નિયત કરેલા વજન કરતા પણ વધારે વજન ભરીને જોખમી રીતે વાહનો હંકારી તંત્રની ઐસીતૈસી કરનારા આવા વાહનો સામે તવાઈ આવવી જોઈએ.કપચી,રેતી જેવા પદાર્થો જે ખાણ ખનીજ વિભાગમાં આવે છે.તેમા પણ તંત્રની મંજુરી વગર ની જગ્યાઓ પરથી બેફામ રીતે કોઈ ની રોકટોક વગર જ રેતી માફીયા ઓ આ કારોબાર ચલાવી રહયા છે.ટ્રાફીકના નિયમોનુ સરેઆમ ઉલ્લંઘન કરી રહેલા આવા મોટા વાહનો ઓવરલોડ હોય છે.તો લાઈટો પણ નિયમોની કરતા વધુ હોય છે.લગઝરી બસો પણ આવી જ રીતે ટ્રાફીકના નિયમોની વિરૂધ્ધમાં અનેક લાઈટો દરા સામે આવતા વાહન ચાલકને આંઝી દે છે જેના કારણે અકસ્માતો થવાની ઘટનાઓ પણ નોંધાઈ છે.નિયમોને તાક પર રાખીને બેફામ રીતે દોડી રહયા છે તેના પણ તંત્રએ કડક કાર્યવાહી કરીને લગામ લગાવવી જોઈએ તેવી લોકમાંગ પ્રબળ બની છે ત્યારે દાંતીવાડા કોલોની વેપારી મથક બજાર માંથી આખો દિવસ ઓવારલોડ ટ્રકો કોની રહેમ નજર હેઠળ બિન્દાસ ચાલી રહી છે આ બાબતે કોલોનીના વેપારીઓ દ્વારા સ્થાનિક મામલતદાર તેમજ જીલ્લા કલેકટર ને પણ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું છતાં કોઈ જ પગલાં લેવામાં આવ્યા નથી.!

# ૨૯-૩૦ જુલાઈએ યોજાશે ધોરણ ૯-૧૨ના વિદ્યાર્થીઓની એકમ કસોટી



અમદાવાદ,તા.૧૯

રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટ ઈન-એઈડ અને સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એકસમાન રીતે ધોરણ-૯ થી ૧૨ માં એકમ કસોટી તેમજ સત્રાંત અને વાર્ષિક પરીક્ષા લેવા બાબતે શિક્ષણ વિભાગના ઠરાવથી નિર્ણય કરવામાં આવેલ છે.રાજ્યની તમામ શાળાઓમાં હાલની કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ દ્વારા હોમ લર્નિંગ વધુ સારી રીતે થાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવા પણ શિક્ષણ વિભગ દ્વારા સૂચના આપવામાં આવી છે. વર્તમાન કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે હોમ લર્નિંગ કાર્યક્રમ દ્વારા અલગ-અલગ માધ્યમ દ્વારા શાળા શૈક્ષણિક કામગીરી કરી રહી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં તાઃ-૨૯/૦૭/૨૦૨૦ થી તાઃ-૩૦/૦૭/૨૦૨૦ દરમ્યાન ધોરણ-૦૯ થી ૧૨ની પ્રથમ એકમ કસોટી યોજવાનું આયોજન છે. જેમાં નીચે મુજબના વિષયના પ્રશ્નપત્રો સોફ્ટ કોપી બોર્ડ દ્વારા તૈયાર કરી જિલ્લા શિક્ષણાધિકારીના આધિકારીક મેઈલ એડ્રેસ પર પરીક્ષાના બે થી ત્રણ દિવસ પહેલાં મોકલી આપવામાં આવશે. જેના સંચાલનના નિયમો અને અભ્યાસક્રમ નકીકરવામાં આવેલ છે.

૧. ધોરણ- ૦૯ થી ૧૨ ની એકમ કસોટી ગુજરાત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ અને સ્વનિર્ભર શાળાએ ફરજિયાત લેવાની છે. ધોરણ-૦૯ થી ૧૨ ની એકમ કસોટી તાઃ-૨૯/૦૭/૨૦૨૦ થી તાઃ-૩૦/૦૭/૨૦૨૦ દરમ્યાન વિદ્યાર્થીએ પોતાના ઘરે રહીને અનુકૂળતા મુજબ આપવાની રહેશે. એકમ કસોટીમાં બે વિષયનો સમાવેશ કરેલ છે. દરેક વિષયનું પ્રશ્નપત્ર ૨૫ ગુણનું રહેશે અને તેનો સમયગાળો મહત્તમ એક કલાકનો રહેશે. એકમ કસોટી ના વિષયો અને અભ્યાસક્રમની વિગતો પાછળના પૃષ્ઠ પર કોષ્ટકમાં દર્શાવેલ છે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠ્યપુસ્તકના આધારે જ એકમ કસોટીનું આયોજન કરવામાં આવશે.જિલ્લા શિક્ષણાધિકારી ની એકમ કસોટીના પ્રશ્નપત્ર સોફ્ટ કોપીમાં બે થી ત્રણ દિવસ પહેલાં આધિકારીક મેઈલ એડ્રેસ પર પહોંચાડવામાં આવશે.

## વડોદરામાં ભાજપના ઉપાધ્યક્ષ મહેશ શર્મા સહિત ૬ દર્દીના મોત કોરોના

વડોદરા,તા.૧૯

મહાનગર પાલિકાના જણાવ્યા પ્રમાણે, શહેર જિલ્લામાં પોઝિટિવ કેસનો કુલ આંક ૩૫૨૫ ઉપર પહોંચી ગયો છે. જ્યારે આજે શહેર ભાજપના ઉપાધ્યક્ષ મહેશ શર્મા સહિત ૬ દર્દીના મોત થયા છે. ગત રોજ વડોદરામાં વધુ ૧૦૨ દર્દીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આમ અત્યાર સુધીમાં કુલ ૨૭૨૯ દર્દી રિકવર થયા છે. વડોદરામાં અત્યારે કુલ ૭૩૬ એક્ટિવ કેસ છે, જે પૈકી ૧૨૮ ઓક્સિજન ઉપર અને ૩૬ વેન્ટીલેટર-બી પેપ ઉપર છે અને ૫૭૨ દર્દીની હાલત સ્થિર છે. કોરોના સંક્રમણની સાથે કોરોનાની દહેશત પણ લોકોમાં વધતી જાય છે.

શહેરમાં મંગળબજારના ડેકોરેશન-કાપડની સૌથી મોટી દુકાનો ધરાવતા અને કારેલીબાગમાં રહેતા ખંડેલવાલ પરિવારના ૧૧ સભ્યોને કોરોના પોઝિટિવ આવતા મંગળબજારમાં ફફડાટનો માહોલ ફેલાઈ ગયો છે. આ પરિવારના સભ્યોમાં એક ૮ મહિનાની બાળકીનો પણ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

## ગડમથલ

અહીયાં બેસું કે ત્યા બેસું!
આમ રહુ કે તેમ રહુ!
છુ હુ દ્વિધા માં મારા આ ઘડપણે!!
સોફા મા બેસું તો ગાદી બગડે,
ગાદી મા પગલા ના દાગ પડે,
ગાદલા મા સુવું તો ચાદર બગડે,
ઓશિકા મા તેલ ના ડાઘ પડે,
જમતા જમતા ખાવાનુ પડે,
ડાઇનિંગ ટેબલ પર ટપકાં પડે,
માગવાં જાઊ તો ભવાં ચડે,
હાલતાં ચાલતાં ઘર બગડે
ખુરશી ખેંચુ તો સ્ક્રેચ પડે,
વાત કરવા જાવું તો લોચા પડે,
ફોન, પંખા કરુ તો બિલ નડે,
લખવા જાઊં તો ભુલો પડે,
સમજણ ના પડે તો વઢ પડે,
બોલુ નહિ તો બેચ બગડે,
બોલુ તો મગજ ચકરાવે ચડે.
પહેલા જેવુ મગજ ના ચાલે,
વાતે વાતે સમજણ ના પડે,
એકલા એકલા ચેન ના પડે
અહીયાં બેસું કે ત્યા બેસું!
આમ રહુ કે તેમ રહુ!
છુ હુ દ્વિધા માં મારા આ ઘડપણે!!
ગળ્યું ખાટું મીઠું બધુ ભાવે,
તીખું મારું પેટ બગાડે,
જાત જાતનું ને ભાત ભાતનું ,
ખાઉં તો તબિયત બગડે,
અત્યારના જમાના સાથે મેલ ના પડે,
જૂનવાણી વિચારો નો તાલ ના મળે,
જીવનમાં કર્યુ છે ઘણું બધું,
એકમેકની સાથે રહેનારા,
મોજથી જીવનારા,
ઘડપણ માં એનો તાલો ના જડે!!
વિચારો છે ઘણાં મનમાં,
છેવટે તો એ ગડમથલમાં પરિણમે,
સમજુ છું ઘણું, કહેવું છે પણ ઘણું,
એમાં અર્થ નો અનર્થ નીકળી પડે,
નવી પેઢીના નવા આચાર વિચારો,
પણ એમા ખાસ તથ્ય ન મળે,
એમાં જૂની પેઢીના લોકો પાછળ પડે,
પણ સબંધ સાચવવામાં આગળ નીકળે.
અહીયાં બેસું કે ત્યા બેસું!
આમ રહુ કે તેમ રહુ..!
છુ હુ દ્વિધા માં મારા આ ઘડપણે!!
કદાચ અમે તો ના શીખ્યા
પણ તમે સાચવજો તમારા ઘડપણે–
યાદ કરજો અમને એ ક્ષણે
મનોજ......

## પાટણમાં દશામાની મૂર્તિ તેમજ પૂજાપા સહિતની ખરીદી માટે બજારોમાં મહિલાઓનો ધસારો જોવા મળ્યો



દશા સુધારનાર દશામાં વ્રત ને આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે પાટણમાં દશામાની મૂર્તિ તેમજ પૂજાપા સહિતની ખરીદી માટે બજારોમાં મહિલાઓનો ધસારો જોવા મળ્યો હતો.સિધ્ધપુર શહેર સહિત જિલ્લામાં દશામાના દસ દિવસીય વ્રતનો ભક્તિ અને શ્રદ્ધા ના અવિરત પ્રવાહ વચ્ચે અષાઢ વદ અમાસને સોમવારથી પ્રારંભ થઈ રહ્યો છે. મહિલાઓ સહિત કેટલાક પુરુષો પણ દશામાનુ વ્રત કરી ૧૦ દિવસ સુધી માતાજીની આરાધના કરે છે. ચાલુ વર્ષે કોરોના મહામારી હોવા છતાં પણ પાટણની બજારોમાં દશામાની મૂર્તિઓ અને પૂજાપાની સામગ્રી ખરીદવા માટે ગ્રામ્ય વિસ્તાર અને શહેરમાંથી મહિલાઓ મોટી સંખ્યામાં ઉમટી પડી હતી અને શહેરની મુખ્ય બજારોમાં વિવિધ લારીઓ અને દુકાનો ઉપર ખરીદતી નજરે પડી હતી.

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૭૦ તાલુકામાં સામાન્ય વરસાદ

અમદાવાદ,તા.૧૯

રાજયમાં છેલ્લા ઘણા દિવસોથી મેઘ મહેર યથાવત્ છે. અત્યારસુધીમાં સૌથી વધુ સૌરાષ્ટ્રમાં વરસાદ વરસ્યો છે. જોકે છેલ્લા ૨ દિવસથી રાજયમાં સૌથી વધુ એક ઈંચ જેટલો જ વરસાદ પડ્યો છે. ગઈકાલેથી આજે સવાર સુધીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૦ તાલુકામાં સામાન્ય વરસાદી માહોલ જોવા મળ્યો છે. જેમા સૌથી વધુ તાપીના નિઝર તાલુકામાં ૨૧ એમએમ (અડધો ઈંચ) જેટલો વરસાદ પડ્યો છે. ત્યારબાદ અમરેલી, સુરત, આણંદ, ખેડા, નવસારી તેમજ વલસાડના તાલુકાઓમાં સામાન્ય વરસાદ જોવા મળ્યો હતો. અમદાવાદમાં કેટલાક વિસ્તારમાં સામાન્ય વરસાદ પડતા ઉકળાટનો માહોલ સર્જાયો હતો.

# દાંતા તાલુકાના ટોડા ગામમાં ગૌચર જમીન હડપ કરવાના પ્રયાસો



દાંતા તાલુકામાં આવેલાં ટોડા ગામમાં ગૌચર જમીન હડપ કરવાના પ્રયાસો કરવામાં આવી છે ત્યારે ગામમાં ગૌચર જમીન અને સમતળ જમીન સરકી જમીન દબાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા તેવી ગ્રામજનોના મુખે ચર્ચાઓ થવા લાગી રહીશ છે ગામમાં માથા ભારે લોકો દ્વારા ગેરકાયદેસર ગૌરવ જમીન હડપ કરવાના અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે ત્યારે દાંતા તાલુકાના ટોડા ગામમાં આવો એક કિસ્સો સામે આવી રહ્યો ત્યારે ટોડા ગામમાં માથા ભારે ઈસમો ના કારણે જાહેર વિરોધ પ્રદર્શન કરવા માટે પણ ડરી રહ્યા છે ત્યારે ત્યારે ટોડા ગામમાં ગૌચર સમતળ સરકારી જમીન કેટલી છે તેની તપાસ કરવામાં આવે નહીં તો આવનારા સમયમાં ટોડા ગામમાં ગૌચર સમતળ સરકારી જમીન નું નામ નિશાન પણ નહીં રહે સમયસર તંત્ર દ્વારા ટોડા ગામની જમીનનું નામ નિશાન નહીં રહે તેવી ગામ લોકો દ્વારા ચર્ચાઓ થવા લાગી રહી છે મામલતદાર સાહેબ શ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા સમયસર ધોરણ ગૌચર જમીન હડપ ના થાય તેના પહેલા તંત્ર જાગે તેવી ગ્રામજનોની માંગ ઉઠી રહી છે દાંતા તાલુકામાં અનેક ફરિયાદો ગૌરવ સરકારી સમતળ જમીન હડપ કરવાના કિસ્સાઓ સામે આવવા લાગી રહ્યા છે રહી હવે તંત્ર દ્વારા ટોડા ગામની ગૌચર જમીન બચાવશે તે જોવાનું રહ્યું.. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી



ચાણસ્મા તાલુકાના દેલમાલ થી સોઢવ સુધી ના ઉકિમી ના રોડ ની બન્ને બાજુએ બાવરો નૂ ઝુંડ રોડ વચ્ચે આવી જતાં સામે થી આવતા વાહનો ને સાઈડ લેવામાં મુશ્કેલી પડે છે દેલમાલ થી સોઢવ નો રોડ હારીજ બેચરાજી વીરમગામ જવા માટે ટૂંકો રસ્તો હોઈ વાહનો ની અવર જવર વધારે રહેતી હોવાથી બાવરો ના કારણે અકસ્માત થવાની શક્યતા વધારે રહેલી હોવાની દહેસત દેલમાલ ના અગ્રણી મહેન્દ્રભાઈ દેસાઈ અને વિપુલભાઈ દેસાઈ એ વ્યક્ત કરી હતી. ચાણસ્મા થી સોઢવ રોડ નં રોડ ની સાઈડ માં બાવરો ના ઝુંડ જામ્યા.નિખિલ જોશી.ચાણસ્મા

# શિવ તાંડવ સ્તોત્રમ ગુજરાતી અનુવાદ

જટાજૂટ જટા બની, વિશાળ વન ઘટા ઘનિ, પવિત્ર ગંગ ત્યાં વસી, ગરલ કંઠ પલાળતી
સર્પ જ્યાં અનેક માપ, ડમરુ નાદ પ્રચંડ થાપ, તાંડવ શિવ નાચતાં, કૃપા કરો કૃપા કરો..૧
કોચલી જટા મહીં, ગંગ ત્યાં ભમે ઘણી, ચંચલ જલ ધાર થી, શિવ શીશ પખાળતી
ધધકી રહી અગન જ્વાળ, શિવ શિરે ચમકદાર, શોભે ત્યાં ચંદ્ર બાળ, કૃપા કરો સદા કાળ..૨
નગાધિરાજ નંદિની, વિલાસ સંગ આનંદીની, કરે કૃપા દયાળ તો, ભીડ ટળે ભક્તની
દિગંબરા જટા ધરા, લગાવું ચીત શિવ ચરણ, ભભૂત નાથ ભવ તરણ, પ્રફુલ્લ ચિત તવ શરણ..૩
શોભે જટા મણીધરો, પ્રકાશ પુંજ ફણીધરો, દિશા બધી પ્રકાશતી, કેસર વરણી ઓપતી,
ગજ ચર્મ શોભતાં, સર્વ પ્રાણી રક્ષતાં, મન વિનોદિત રહે, શિવ કેરા શરણમાં..૪
સહસ્ત્ર દેવ દેવતા, ચરણ કમલને સેવતા, ચડાવી માથે ચરણ ધૂલ, પંકજ પદ પૂજતા.
શોભતા ભુજંગ જ્યાં, ચિત રહે સદાય ત્યાં, કૃપાળુ ચંદ્ર શેખરા, આપો સદાએ સંપદા..૫
ગર્વ સર્વ દેવના, ઉતારવા અહમ્ સદા, કર્યો ભસ્મ કામને, જે રૌદ્ર રૂપ આગથી.
સૌમ્ય રૂપ શંકરા, ચંદ્ર ગંગ મુકુટ ધરા, મૂંડકાની માળ ધરી, સંપત્તિ દેજો ભરી..૬
જે કરાલ ભાલ જ્વાલના, પ્રતાપ કામ ક્ષય થયો, ઈંદ્ર આદી દેવનો, મદ તણો દહન ભયો.
ગિરજા સુતાના વક્ષ કક્ષ, ચતુર ચિત્રકારના, ચરણ કમલ શિવ ના, શરણમાં ચીતડું રહે..૭
નવીન મેઘ મંડળી, આંધી જઈને કંઠ ભળી, હાથી ચર્મ શોભતાં, ચંદ્ર ગંગ શિર ધરી
સકળ જગના ભારને, સહજમાં સંભાળતા, અમ પર ઉપકાર કર, સંપત્તિ પ્રદાન કર..૮
નીલ કમલ સમાન કંઠ, પૂર્ણ પ્રકાશિત કંધ, કાપો સકળ સૃષ્ટિ દુખ, ગજાસુર હંતા.
વિધ્વંસ દક્ષ યજ્ઞ કર, ત્રિપુરાસુર હનન કર, અંધકાસુર કામ હર્તા, નમૂ ભગવંતા..૯
કલ્યાણ કારી મંગલા, કળા સર્વ ભ્રમર સમા, દક્ષ યજ્ઞ ભંગ કર, ગજાસુર મારી
અંધકાસુર મારનાર, યમના પણ યમરાજ, કામદેવ ભસ્મ કર્તા, ભજું ત્રિપુરારિ..૧૦
વેગ પૂર્ણ સર્પના, ત્વરિત ફૂંકાર ફેણના, ધ્વનિ મધુર મૃદંગના, ડમરુ નાદ ગાજે
અતિ અગન ભાલમાં, તાંડવ પ્રચંડ તાલમાં, શોભે શિવ તાનમાં, સદા શિવ રાજે..૧૧
જે પથ્થર કે ફૂલમાં, સર્પ મોતી માળમાં, રત્ન કણ કે રજ મહી, અંતર નહીં આણે
શત્રુ કે સખા વળી, રાજા પ્રજા કમલ કથીર, ગણતા સમાન શિવ, જીવ ક્યારે માણે..૧૨
બનાવી ગીચ કુંજમાં, વસું હું ગંગ કોતરે, કપટ વિનાનો આપને, શિવ અર્ધ્ય આપું
અથાગ રૂપ ઓપતી, સુંદર શિવા શીશ લખ્યું, મંત્ર શિવ નામનું, સુખ સમેત હું જપું..૧૩
દેવાંગના ના મસ્તકે, શોભી રહ્યા જે પુષ્પછે, પરાગ ત્યાંથી પરહરી, પહોંચે શિવ દેહછે
આનંદ અપાવે સર્વ જન, સુગંધને ફેલાવતી, અપાવતી હૃદય મંહી, પ્રસન્નતા અપાર છે..૧૪
પાપ હો પ્રબલ ભલે, સમુદ્ર દવ સી કાપતી, સૂક્ષ્મ રૂપ ધારિણી, સિદ્ધિ દાત્રી દેવીઓ
વિવાહ પ્રસંગે શિવના, ધ્વનિ હતી જે મંત્રની, દુઃખો મિટાવી સર્વના, વિજય અપાવે દેવીઓ..૧૫
નમાવી શીશ શિવને, સ્તવન કરેજે સર્વદા, પઠન કરે મનન કરે, ભજન કરે જે ભાવથી.
જીવ આ જંજાળ થી, મુક્તિને છે પામતો, જીવન મરણ મટે સદા, શિવ શરણ જે રાચતો..૧૬
રાવણ રચિત આ સ્તોત્રથી, પૂજન કરે જો શિવનું, પઠન કરે જે સાંઝના, ભાતું ભરે જીવનું.ભર્યા રહે ભંડાર સૌ, અશ્વ ગજ ને શ્રી રહે. સંપતીમાં રાચતો, ના કદી વિપદ રહે..૧૭
રચ્યું જે સ્તોત્ર રાવણે, અનુવાદ શું કરી શકું, ઉમદા અલંકારને કેદાર શું સમજી શકું
સહજ બને ભક્તને, એ ભાવથી સરળ કર્યું, પ્રેમથી પૂજન કરે, એ આશથી અહીં ધર્યું..૧૮
ઈતિ શિવ તાંડવ સ્તોત્ર અનુવાદ સંપૂર્ણ.×

Jay mahakal

## મુખ્યમંત્રીશ્રીની રાજ્યમાં આયોજન બદ્ધ શહેરી વિકાસની પ્રતિબદ્ધતા

# ૧૮ ડ્રાફ્ટ ટી.પી સ્કીમ, ૧૪ પ્રિલીમીનરી તથા ૪ ફાયનલ એમ કુલ ૩૬ ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર કરી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યમાં સુઆયોજિત શહેરી વિકાસની પ્રતિબદ્ધતાને આગળ ધપાવતાં વધુ ત્રણ પ્રીલીમીનરી ટાઉન પ્લાનીંગ સ્કીમને મંજૂરી આપી છે

તેમણે રાજકોટની પ્રારંભિક ટી.પી. સ્કીમ નં. ૨૬ (મવડી) તેમજ અમદાવાદ પૂર્વની ટી.પી ૧૦૬ (વસ્ત્રાલ રામોલ) અને અમદાવાદ પશ્ચિમ વિસ્તારની ટી.પી. ૬૪ (ત્રાગડ)ને મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ ત્રણ પ્રિલીમીનરી ટી.પી.ને મંજૂરી આપતાં સામાજિક-આર્થિક રીતે નબળા વર્ગોના લોકો માટે આવાસ બાંધકામના હેતુથી કુલ ૧ લાખ ૨૧ હજાર ૩૨૪ ચો.મીટર જમીનો જે-તે સત્તામંડળને સંપ્રાપ્ત થશે. તદઅનુસાર, રાજકોટની ટી.પી સ્કીમમાં ૫૯,૦૬૦ ચો.મીટર, અમદાવાદની વસ્ત્રાલ-રામોલ ટી.પી સ્કીમમાં ૪૦,૦૧૯ ચો.મીટર અને ત્રાગડની ટી.પી સ્કીમમાં ૨૨,૨૪૫ ચો.મીટર જમીન આવા આવાસ બાંધકામ માટે મળશે.

મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરેલી રાજકોટની ટી.પી ૨૬ (મવડી) અંદાજે ૧૨૫ હેકટર્સની છે અને તેના પરિણામે સત્તામંડળને કુલ ૬૭ પ્લોટ જાહેર હેતુ અને વેચાણ માટે મળશે. આ પ્લોટસનું કુલ ક્ષેત્રફળ ૨,૨૩,૯૪૭ ચો.મીટર છે. આ ટી.પી.માં વેચાણના હેતુ માટે ૯૧,૭૮૦ ચો.મીટર જમીન સત્તામંડળને સંપ્રાપ્ત થવાની છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદની બે ટી.પી.ને માત્ર એક જ દિવસમાં મંજૂરી આપીને પારદર્શી-ગતિશીલ પ્રશાસનની મિશાલ પૂરી પાડી છે.

મુખ્યમંત્રીશ્રીએ ૨૦૨૦ના વર્ષમાં જ અત્યાર સુધીમાં ૧૮ ડ્રાફ્ટ ટી.પી સ્કીમ, ૧૪ પ્રિલીમીનરી તથા ૪ ફાયનલ એમ કુલ ૩૬ ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર કરેલી છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ મંજૂર કરેલી ત્રણ ટી.પી સ્કીમ એટલે કે ટી.પી સ્કીમ ૨૬ રાજકોટ(મવડી), અમદાવાદ પૂર્વની ટી.પી. ૧૦૬ (વસ્ત્રાલ-રામોલ) અને અમદાવાદ પશ્ચિમની ૬૪ ત્રાગડ એમ ત્રણેય ટી.પી.માં કુલ ૮૮,૭૬૧ ચો.મીટર જમીન જાહેર સુવિધાઓ માટે સત્તામંડળને મળશે.

અમદાવાદ પૂર્વની ૧૨૫ હેકટર્સની ટી.પી-૧૦૬ (વસ્ત્રાલ-રામોલ)માં અન્વયે સત્તામંડળને ૨ લાખ ૪૮ હજાર ૪૦૫ ચો.મીટરના કુલ ૫૪ પ્લોટસ જાહેર હેતુ અને વેચાણ માટે મળશે.


અમદાવાદ પશ્ચિમની ૭૦ હેકટર્સની ટી.પી.નં. ૬૪ ત્રાગડ અન્વયે ૧૯ જેટલા પ્લોટની કુલ ૧,૧૨,૭૪૩ ચો.મીટર જમીન સત્તામંડળને મળશે તેમાંથી જાહેર હેતુ અને વેચાણ માટે ૫૩,૪૮૪ ચો.મીટર જમીન પ્રાપ્ત થવાની છે.

આ ત્રણેય ટી.પી.માં જાહેર સુવિધાના હેતુથી જે ૮૮,૭૬૧ ચો.મીટર જમીન સંબંધિત સત્તામંડળોને સંપ્રાપ્ત થશે તેમાં રાજકોટમાં ૩૮,૧૫૭ ચો.મીટર, વસ્ત્રાલ-રામોલમાં ૪૦,૭૮૦ ચો.મીટર અને ત્રાગડમાં ૯૮૨૪ ચો.મીટર જમીન મળશે. એટલું જ નહિ, આ ત્રણેય ટી.પી. સ્કીમમાં સમગ્રતયા કુલ મળીને ૧ લાખ, ૧૫ હજાર ૩૯૯ ચો.મીટર જમીન બાગ-બગીચા અને ખૂલ્લી જમીનના હેતુથી સત્તામંડળોને ઉપલબ્ધ થવાની છે.

બાગ-બગીચા માટે અને ખૂલ્લી જમીન તરીકે જે જમીનો આ ત્રણેય ટી.પી.માં ઉપલબ્ધ થવાની છે તેમાં રાજકોટ (મવડી)માં ૩૪,૯૫૦ ચો.મીટર, વસ્ત્રાલ-રામોલમાં ૫૩,૨૫૯ ચો.મીટર અને ત્રાગડમાં ૨૭,૧૯૦ ચો.મીટર જમીન સત્તામંડળને સંપ્રાપ્ત થશે.

મુખ્યમંત્રીશ્રી એ મંજૂર થયેલી પ્રિલીમીનરી ટી.પી.ના અમલીકરણમાં વેગ લાવવા સત્તામંડળોને તેમજ ટી.પી.ની કામગીરી ઝડપી બનાવવા ટાઉન પ્લાનીંગ અધિકારીઓને તાકીદ કરી છે.

સી.એમ-પીઆરઓ/અરૂણ







# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે"વિજેતા પરિણામ
પદ્ય વિભાગ
૧)NG NO-0016
જયેશ ઓઝા શીર્ષક -હા!છેતરાયો છું
૨)NG NO-0032
★ીના માંગરોલીયા "મીનુ" શીર્ષક - કાચી માટીનું કોડિયું
૩)NG NO-0026
અંજના ગાંધી "મૌનું" શીર્ષક -તમે માનશો?
૪)NG No-0039
પ્રફુલ્લા પ્રસન્ના શીર્ષક -કામણગારો કુંભાર
ગદ્ય વિભાગૃ
૧)NG NO-0020
ભાવના પટેલ "વલસાડી વાદળ" શીર્ષક-ઘડતર
૨)NG NO-0031
મેઘલ ઉપાધ્યાય શીર્ષક -થાપ
૩)NG NO-0033
ટેલર કૃણાલ શીર્ષક-ઘડતર
૪)NG NO-0058
પ્રીતિ શાહ શીર્ષક -રોટલો
વજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન
એડમિન પેનલ ...ન્યુઝ ઓફ ગાંધીનગર

---

સાહિત્ય વિભાગ "ગદ્ય "
શીર્ષક : ઘડતર.
વિભાગઃ ગદ્ય.
NG/20

"જુઓ,પ્રીતિબેન તમે શાળામાં આ રીતે તમારા બાળકને સાથે લાવી ન શકો,આ નિયમ વિરુદ્ધ છે."
"પરંતુ સર મારી રજાઓ પૂરી થઈ ગઈ છે,અને આયાબેન બીમાર થઈ ગયા છે સર બે ત્રણ દિવસ ચલાવી લો તો સારું."
"જુઓ આ મેનેજમેન્ટ વિરુદ્ધ છે તમે કપાત પગારી રજા લઈ લો."
"મેડમ કેમ આજે આટલા ઉદાસ છો, તમે બાબુ ને લઈને આવ્યા છો એટલે અમે અવાજ પણ નથી કરી રહ્યાં છતાં તમે કેમ દુઃખી છો?"
"બેટા આચાર્ય સાહેબ બાબુને લઈને આવવાની નાં પાડે છે,વળી મારી રજાઓ પણ પૂરી થઈ ગઈ છે."
"અરે! બધા બાળકો વર્ગના બદલે ઓફિસ આગળ કેમ જમાં થઈ ગયા છો? "
"એમાં એવું છે ને સાહેબ, પ્રીતિમેમે કાલે જ ગાંધીજીનો સત્યાગ્રહવાળો પાઠ ચલાવ્યો છે."
એમ કહી બાળકોએ ઓફિસ આગળ ગાંધીજીનું અદ્દલ આચરણ રજૂ કરી દીધું.
ભાવના પટેલ."વલસાડી વાદળ"ગાંધીનગર.

---

NG/0031
વિભાગઃ-ગદ્ય
શીર્ષકઃ- થાપ

પસાકાકાનો પરિચય આપીએ તો નાનકડા કોઠારિયા ગામના કુંભાર.પણ એમની નામના તો આજુબાજુના શહેરો સુધી.

અરે એ માટીના વાસણો અને માટલાનું ઘડતર જ એવું કરતા.જયારે તે વાસણ કે માટલું બનાવવા માટીનો પિંડ ચાકડે ચડાવે અને પછી જેમ ચાકડો ફરે તેમ પિંડને યોગ્ય આકાર આપવા એમની આંગળીઓ ફરે.તેમણે ઘડેલી? માટીની વસ્તુઓમાં સહેજ પણ ઊણપ ન હોય.એટલે તો લોકો ક્યાં ક્યાંથી? તેમની પાસેથી જ માટલાં લેવા આવે.

એક દિવસ આમ જ પસાકાકા ચાકડા પર માટીના પિંડનું ઘડતર કરી રહ્યા હતા ત્યાં તેમને તેમના વંઠી ગયેલા દિકરાના બૂમ બરાડાં સંભળાયા એ એની માએ બચત કરી રાખેલાં પૈસા જુગાર રમવા લઇ જઇ રહ્યો હતો અને મા રડતાં રડતાં એ પૈસા ન લઇ જવા વિનંતી કરી રહી હતી.

આ બધું જોઈ સાંભળી પસાકાકા આંખમાં? આંસુ સાથે મનોમન બોલ્યા કે"માટીના પિંડનું યોગ્ય ઘડતર કરનાર હું મારા પિંડનું યોગ્ય ઘડતર કરવામાં થાપ ખાઇ ગયો."
:-મેઘલ ઉપાધ્યાય રાજકોટ

---

No/ 0058
વિભાગ : ગદ્ય
શીર્ષક : રોટલો

માટલાંમાંથી પાણીનો ગ્લાસ ભરતાં ઝીણીએ, રોટલા ઘડતી તેની મમ્મીને પૂછ્યું, "મમ્મી, આ માટલું તો જો કેવું છે ? અને પેલાં કુંભારકાકા માટલું ઘડતાં હોય છે એ કેવું હોય છે ? એ કેમ એવું ?"
મમ્મીએ ઝીણીને પાસે બેસાડતાં કહ્યું, "જો, હું આ રોટલાનો લોટ બાંધીને, એને બરાબર મસળીને હાથથી આ રીતે ઘડુ. તે જે જોયું એ તો ખાલી આ રોટલાની જેમ એ માટલાનો ઘાટ ઘડાયો."
પછી રોટલાને ચૂલા પર કલેડીમાં નાંખીને બોલી, "હવે બન્ને બાજુથી શેકીને, સીધો જ અગ્નિમાં તપાવું. એટલે આ જો, કેવો સરસ ફૂલ્યો છે. હવે એ ખાવા લાયક બન્યો છે ને ? બસ, એ જ રીતે માટલાને પણ નિભાડે ચડાવવાનું, તપાવવાનુ ને પકવવાનું."
"તો મમ્મી, તું કાલે બાજુવાળા માસીને કહેતી હતી કે, દીકરીને તો ઘડવી પડે. શું તું પણ મને આવી જ રીતે ઘડીશ ?"
"ચાલ, તું ગરમ રોટલો જમી લે તો."
ઝીણીને એકલે હાથે ઉછેરતી તેની મમ્મીએ, તેનાં મોઢામાં રોટલાનો ટુકડો મૂક્યો. પછી વ્હાલથી તેનાં માથે હાથ ફેરવતાં મનમાં જ બોલી,
"બેટા ! સ્ત્રીએ તો નિભાડે ચડવું જ પડે. પણ, તું ચિંતા ના કરીશ. હું તને એવી મજબૂત ઘડીશ કે જિંદગીની કોઈપણ કસોટીની એરણ પર તું ખરી ઉતરીશ. મારી જેમ ?" આગળનાં કડવા વાક્યને વિચારવાનું માંડીવાળી પાણીનાં ઘૂંટડે ઉતારી ગઈ.
પ્રીતિ શાહ ("અમી-પ્રીત")

---

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા

---

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ સાહિત્ય વિભાગ ના મેમ્બર થવા માટે ૯૮૨૪૬૫૩૦૭૩ વોટ્સ અપ સંપર્ક કરો.અખબાર ને લગતા કોઈપણ કામકાજ માટે ઇમેઇલ કરો.Email: prdpraval42@gmail.com




# કોરોનાની કરુણતા

સાચે મિત્રો આ કોરોના કાળમાં અનેક એવાં દાખલાઓ ઉજાગર થયાં આ કાળને કોરોનાકાળ કહેવાંને બદલે "કરુણકાળ" કહેવો કદાચિત વધારે ઉચિત છે . કારણ? તો કહીશ આ કાળમાં માનવથી માનવ તો ગભરાયો છે! પણ અનેક કરુણ પ્રસંગ પણ આ કાળમાં જોવાં મળ્યા છે! આમાં જો સૌથી કફોડી હાલત હોય તો એ છે કોરોના સિવાયનાં પેશન્ટની! એવાં રોગીઓ જે કેન્સર , કીડની , ટીબી, ડાયાબિટીસ કે હાર્ટ પેશન્ટ આવાં રોગીઓને ઉપચાર મળતો જ નથી! કારણ કોઈ ખાનગી દવાખાના ચાલું નથી અને જેને કારણે ડાયાલીસીસ , કીમોથેરિપી વગેરે પર પણ અસર પડી છે! મિત્રો અને કરુણતાતો ત્યારે સર્જાય છે જયારે આવાં કોઈ દર્દીનું મૃત્યુ થાય છે ત્યારે એને કોરોના પેશન્ટ ગણવો કે નહીં ?એ એક સવાલ છે .જો એ મૃતકનો પુત્ર કે પુત્રી વિદેશ કે પછી બીજાં રાજ્યોમાં વસતાં હોય તો એનાં પ્રિયજનનાં અંતિમદર્શનથી પણ વંચિત રહી જાયછે! એનું ઉદાહરણ હોય તો યોગી આદીત્યનાથ અને રિધ્ધિમા કપુર આ બન્ને એમનાં પિતાનાં અંતિમસંસ્કારમાં હાજર ન રહી શક્યા!હવે તો એવાં કિસ્સા પણ સાંભળવા મળે છે કે પરિવારની જાણ બહાર કોરોના દર્દીનાં અંતિમસંસ્કાર કરી દીધાં હોય!મિત્રો આ તો થઈ કોરોનાથી થયાં મૃત્યુની વાત પણ આ કાળમાં આપણે ઘણું સારું પણ શીખ્યાં એક તો ચોખ્ખાઈ રાખતાં શીખી ગયાં ,ખોટાં ખર્ચ જે પછી મૃતકની પાછળ



હોય કે પછી લગ્નસરામાં એમાં આપણે અંકુશ મેળવી લીધો , ટુંકમાં આ કાળે આપણને આત્મનિર્ભર બનાવી દીધાં...

આ બધું તો ઠીક પણ આપણે આજે કોરાનાકૌભાંડની વાત કરવાની છે .આજે અનેક જગ્યાએથી કોરોનાકાળમાં થતાં કૌભાંડની વાતો આવી છે એ પછી કોરોનાની દવા કેમ નહોય! કોરોનાની દવા જે ૫૦૦૦મળે છે એનાં પણ કાળાબજાર થાય છે જે ૩૫૦૦૦થી૪૦૦૦૦સુધી વહેંચાય છે! આજે એવાં ઘણાં વિડીયો પણ વાયરલ થયાં છે જેમાં કોરોના પર પણ સવાલ છે ? એક તો કોરોનાનો ટેસ્ટ તો થાય છે પણ રિપોર્ટ આપતાં નથી !તમને સાદી ઉધરસમાં પણ કોરોના કહીને જબરજસ્તીથી કોરંટાઈન કરી દે છે! આવાં પણ ઘણાં વિડીયો વાયરલ થયાં અને હદ તો ત્યારે થાય છે એક પણ લક્ષણ ન હોવાં છતાં પણ તમને કોરંટાઈન સેન્ટરમાં કોરંટાઈન કરી દે છે ! આવાં તો રોજનાં કેટલાંય વિડીયો આપણે જોયાં ,એટલું જ નહીં કોરંટાઈન સેન્ટરમાં રહેતાં શંકાસ્પદ રોગીને કોરોના પેશન્ટની સાથે રાખવામાં આવે છે ! અહીં ખાવાંપીવાની પણ ઉચિત વ્યવસ્થા નથી, એમાં પણ કીડા નીકળે છે ! આવાં વિડીયો જોઈને મને એક સવાલ છે શું હકીકતમાં જેટલાં રોગી દેખાડવામાં આવી રહ્યાં છે એટલાં દર્દી આપણાં દેશમાં છે? કે પછી ટાર્ગેટ પુરો કરવાં અને ઉઝ઼ૅ એ જે સહાયની રકમ પુરી પાડી છે એ તકનો લાભ આ મહાનુભાવો મેળવી રહ્યાં છે! આવાં બનાવો બને છે ત્યારે મને થાય છે આપણે કેટલાં જાડીચામડીનાં થઈ ગયાં છે કે કોઈનાં મૃત્યુનો સોદો કરતાં પણ અચકાતાં નથી? હમણાં તો નવું આવ્યુ એ જાણીને તો એક કંપારી છુટી ગઈ ,"એક વ્યક્તિને કોરોના કહીને કોરંટાઈન સેન્ટરમાં લઈ ગયાં બીજે દિવસે એને મૃત જાહેર કરીને પરિવારને એની લાશ સોપવામાં આવી અને કહેવામાં આવ્યું કે લાશને ખોલ્યાં વગર જલદી એનાં અંતિમસંસ્કાર કરી દે જો પણ પરિવારથી રહેવાયું નહીં કારણ એમનો જુવાનજોધ છોકરો હતો એમણે લાશ ખોલી તો જોઈને બધાં સ્તબ્ધ થઈ ગયાં કારણ મૃતકનાં અનેક અંગ કાઢી લેવામાં આવ્યાં હતાં!" આને શું સમજવું કોરોનાકાળ કે પછી કોરોના કૌભાંડ ?

મિત્રો કહેવાનો તાત્પર્ય એ છે કે જો ન્યુઝ ચેનલ પર અને આવાં વાયરલ વિડીયોમાં સચ્ચાઈ હશે અને જો આવું જ ચાલશે તો દુનિયામાંથી કોરોના જતો રહેશે પણ ભારતમાંથી આ કોરોના કયારેય નહીં જાય!!!!

જીજ્ઞા કપુરિયા "નિયતી " ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય વિભાગ ગ્રુપ સંચાલક.....)...૧૯/૭/૨૦૨૦



Aje Tu varsyo ?.
Meghdhanu lavyo ?
પડતો જ રહે નેવે થી
હું નાચુ છમછમ ટેરવે થી
રેખા શુક્લ

# પ્રજાની પ્રતિક્રિયા

## કથળતું શિક્ષણ

કોરોના નામે શિક્ષણ ક્ષેત્રે ઓનલાઇન ભણતરનું તૂત ઘૂસાડી દીધું છે. ખરેખર એની જરૂર છે ખરી? ઓનલાઇન શિક્ષણ કોલેજના વિદ્યાર્થીઓ માટે તો સમજો કે વિદ્યાર્થીઓ મોટા છે સારાનરસા નો ભેદ સમજે છે તો ઓનલાઇન ભણી લેશે. પરંતુ બાળકો,ને કિશોરો નું શું? એમને મોબાઇલ આપવો યોગ્ય છે? એમાં પણ સામાન્ય સ્થિતિ નાં માવતર, ઘરમાં બે છોકરાં હોય તો એમને ભણવા માટે મોબાઈલ નો ખર્ચ કરવો પડે. માંડ બે છેડા ભેગા કરતાં હોય એને આ મોબાઇલ નો ખર્ચ કેમ પરવડે? આને પાછી?ફી તો ભરવાની ઉભેલી જ. મા-બાપ બંને નોકરી કરતા હોય તો બાળકો ને ઓનલાઈન માં મુશ્કેલી આવે તો મદદ કેવી રીતે થઈ શકે?

કેટલાક શિક્ષકો કે જે ખરેખર વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં માને છે એ લોકો એવું કહે છે કે ક્લાસમાં વિદ્યાર્થીઓ સામે નજર મેળવી ભણાવવાની જે મજા આવતી તે ઓનલાઇન માં નથી આવતી. વાલીઓને એક ખાસ સૂચન કે, આપણે બાળકોની જે ફી ભરીએ છીએ તે શાળાના મકાનમાં ક્લાસરૂમમાં બેસીને શિક્ષકોની પ્રત્યક્ષ હાજરીમાં બેસીને ભણવા માટે ભરીએ છે, નહીં કે આપણે ઘરે બેસીને ભણવા માટે.તો શા માટે જ્યાં સુધી સ્કૂલ બંધ હોય એની ફી ભરવી જોઈએ? જાગો વાલીઓ જાગો,ભલે ઓનલાઇન નું તૂત ચાલુ કર્યું એલોકો ને ફી લેવાનો કોઈ હક્ક નથી. આ બધાં કારણો ને લીધે જ ઓનલાઇન શિક્ષણ સરિયામ નિષ્ફળ છે એમ કહું તો સ્હેજ પણ ખોટું નથી.(વિભૂતિ દેસાઈ.બીલીમોરા)

### સગીર યુવક ગુમ થઈ જતા રહસ્યો સર્જાયા

# મોડાસાના શહેરના છેવાડાના વિસ્તારમાંથી ૧ સગીર અને ૪ બાળકો નિરાધાર મળી આવ્યા



અરવલ્લી બ્યુરો

બાળકો ગુમ થવાના અને નિરાધાર હાલતમાં કે ભિક્ષાવૃતિ કરતા બાળકો મળી આવવાના બનાવો વધી રહ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસા ના બાયપાસ રોડ પર દેવરાજ ધામ નજીક શનિવારની મોડી રાત્રીએ બિન વારસી હાલત માં એક સગીર સાથે ૪ બાળકો નિરાધાર હાલતમાં જોવા મળતા આજુબાજુમાં રહેતા લોકો બાળકોની મદદે પહોંચ્યા હતા અને પોલીસને જાણ કરતા ૨ કલાક સુધી પોલીસ ઘટનાસ્થળે ન પહોંચતા લોકોમાં પોલીસતંત્રની બેદરકારી ભરી કામગીરી સામે રોષ જોવા મળ્યો હતો જાગૃત યુવતીએ ચાઈલ્ડ હેલ્પ લાઇનને જાણ કરતાં ચાઇલ્ડ લાઇન ની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી ત્યાં સુધીમાં બાળકો સાથે રહેલ સગીર યુવક રફુચક્કર થઇ જતા ચાઇલ્ડ લાઇન ની ટીમ ઘટના સ્થળે પહોંચી ચાર બાળકો નો કબ્જો લીધો હતો.પોલીસ અને ચાઈલ્ડ હેલ્પલાઈનના સદસ્યોએ બાળકો સાથે રાખી સગીર યુવકની શોધખોળ હાથધરી હતી


મોડાસા શહેરમાં થી નિસહાય હાલતમાં મળી આવેલા બાળકોને તસ્કરી કર્યા પછી તરછોડ્યા કે પછી બાળકોને ભિક્ષાવૃતિ માટે લાવવામાં આવ્યા હતા સહિતના અનેક પ્રશ્નો ઉપસ્થીત થયા છે બાળકો સાથે રહેલ સગીર પોલીસતંત્રની લાપરવાહીના પગલે હવામાં ઓગાળી ગયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે જ્યાં સુધી સગીર યુવક નહિ મળી આવે ત્યાં સુધી રહસ્ય પર પડદો પડી રહે તો નવાઈ નહિ...!! અરવલ્લી જિલ્લાના મોડાસામાં શનિવારની મોડી રાત્રીએ કોઇ અજાણ્યા ઈસમો પાંચ બાળકો ને બિન વારસી હાલત માં મુકી ગયા હતા. બે બાળકો દેવરાજ ચાર રસ્તા તેમજ ત્રણ બાળકો ગણેશપુર વિસ્તારમાં થી મળી આવ્યા હતા. આ બાળકો બિન વારસી હાલત માં મળી આવતા લોકો ના ટોળે ટોળા ઉમટી પડ્યા અને પોલીસ તેમજ ચાઇલ્ડ લાઇનને જાણ કરી હતી . ચાઇલ્ડ લાઇન ની ટીમ ઘટના સ્થળે પહોંચી ચાર બાળકો નો કબ્જો લીધો હતો.બાળકોના જણાવ્યા અનુસાર તેમના પરિવારજનો તેમના પર યાતના ગુજારતા હતા અને ઘરકામ કરાવતા હતા.જોકે તેમને કોણ મુકી ગયુ અને શા માટે મુકી ગયુ છે તે અંગે કોઇ સ્પષ્ટ જણાવી શક્યા ન હતા .ચાઇલ્ડ લાઇન હેલ્પના કાર્યકરતા ના જણાવ્યા અનુસાર બાળકો પર તેમના માતા પિતા દ્વારા ત્રાસ ગુજરવામાં આવતો હતો .ચારે બાળકોના સરકારની ગાઈડલાઈન મુજબ કોવીડ-૧૯ નો ટેસ્ટ કર્યા પછી હિંમતનગર ખાતે શેલ્ટરહોમ માં મોકલી આપવામાં આવશે તેમ શમીમ બેન નામનાં કર્મચારીએ જણાવ્યું હતું

પાંચ બાળકો મળી આવ્યા હતા એમાંથી ચાઇલ્ડ હેલ્પ લાઇનને ફકત ચાર બાળકો મળી આવ્યા છે. પાંચમાં છોકરો જે આ ચાર કરતા ઉમર માં મોટો દેખાતો હતો તે ભીડ થી ગભરાઇ ને છટકી ગયો હશે તેવુ અનુમાન લગાવામાં આવી રહ્યુ છે

# અરવલ્લીમાં ખેડૂતના ઘરે ફક્ત એક જ બલ્બ છે વીજતંત્રએ ફટકાર્યું ૩૯ હજારનું બીલ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો

કોરોનાની મહામારીમાં વીજતંત્રએ આડેધડ મનફાવે તેમ ગ્રાહકોને બીલ ફટકાર્યાં હોવાની બૂમો સતત ઉઠી રહી છે રાજ્યમાં અનેક જગ્યાએ તો લોકોએ વીજતંત્રએ આપેલ વીજબિલનો બહિષ્કાર કર્યો છે ત્યારે અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ખોખરીયા ગામે પરિવાર સાથે જીવનનિર્વાહ ચલાવતા ખેડૂતના ઘરે એક જ વીજબલ્બ હોવા છતાં થોડા મહિના અગાઉ વીજતંત્રએ ૩૨ હજાર રૂપિયા બિલ ફટકારતા ખેડૂતના મોતિયા મરી ગયા હતા જે અંગે ખેડૂત મેઘરજ યુજીવીસીએલની કચેરીએ લેખિતમાં અરજી પણ કરી હતી અને પરંતુ વીજતંત્ર ઉલ્ટા ચોર કોટવાલને દંડે એમ ખેડૂતનું વીજ કનેક્શન જ કાપી નાખ્યું હતું.તેમજ વીજ કનેક્શન કાપ્યા બાદ વધુ ૭ હજારનું બિલ પધરાવતા ખેડૂત ૩૯ હજાર રૂપિયાના બીલની રકમ સાંભળી પગ નીચેથી ઘરતી સરકી ગઈ છે ખેડૂત પરિવાર વીજતંત્રની લાલિયાવાડીના પગલે અંધેરા ઉલેચી રહ્યો છે હાલ ખેડૂત પરિવારના ત્રણ બાળકો દીવાના સહારે અભ્યાસ



કરવા મજબુર બન્યા છે . ખંખરીયા ગામના ખેડૂત કાનાભાઈ અને તેમનો પરિવાર ખેતી કરી માંડ બે ટંકનો રોટાલો રળી રહ્યા છે ખેડૂતની સ્થિતિ સામાન્ય હોવાથી ઘરમાં ફક્ત એક જ બલ્બ છે અન્ય કોઈ પણ વીજ ઉપકરણ નથી તેમ છતાં વીજતંત્રએ ફટકારેલ અધધ બિલથી ખેડૂત નિઃસહાય હાલતમાં મુકાયો છે કાનાભાઇ નામના ખેડૂતને વીજકચેરીએ દર બે મહિને લાઈટ બિલ આપવામાં આવે છે તે મુજબ કાનાભાઈને ડિસેમ્બર માસમાં બે મહિનાનું ૧૭૦૦ રૂપિયા લાઈટ બિલ આપવામાં આવ્યું હતું. ત્યાર પછી તેના પછી વીજતંત્રએ આગળના મહિનામાં ૩૨ હજાર રૂપિયા લાઈટ બિલ આપવામાં આવતાં ખેડૂતના પગ તળિયેથી ધરતી સરકી ગઈ હતી કાનાભાઈએ મેઘરજ યુજીવીસીએલની કચેરીએ લેખિતમાં અરજી પણ કરી છે, પરંતુ વીજતંત્ર ચોર કોટવાલને દંડે એમ ખેડૂતનું વીજ કનેક્શન જ કાપી નાખ્યું હતું. કાનાભાઇ નામના ખેડૂતના જણાવ્યા અનુસાર વીજ કર્મચારીને આજીજી કરી કહ્યું કે, મારા ઘરમાં ફક્ત એક બલ્બ સિવાય કંઈ જ નથી તો આટલું બિલ કઈ રીતે આવે પરંતુ ગરીબનું કોઈ નથી એ કહેવત અનુસાર વીજ વિભાગના માણસોએ માણસાઈ રાખ્યા વગર કારમી ગરમીમાં ખેડૂતનું વીજ કનેક્શન કાપી નાખ્યું હતું વીજ કનેક્શન કાપ્યા બાદ વધુ ૭ હજાર ઉમેરી ૩૯ હજાર બિલ ફટકાર્યું હોવાનું જણાવ્યું હતું

હાલ આકરી ગરમીમાં અને અધરાપટમાં ખેડૂત કાના ભાઈ જીવન વ્યતીત કરી રહ્યા છે, ત્યારે યુજીવીસીએલ વિભાગની બેદરકારીના કારણે ગરીબ ખેડૂત કાનાભાઈને હાલ ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. એક તરફ ગરમી ચોમાસાનો સમય કોરોના મહામારી અને મચ્છરોનો ઉપદ્રવ આવી પરિસ્થિતિમાં લાઈટ વગર આખો પરિવાર દયનિય સ્થિતિમાં જીવી રહ્યો છે ત્યારે આ ગરીબ ખેડૂતને ન્યાય ક્યારે મળે છે તે જોવું રહ્યું .




**ચાણસ્મા પાલિકા દ્વારા શુક્રવારે સરદાર ચોકમાં બસ સ્ટેન્ડ નજીક હાઈવે સર્કલ પાસે જે લોકો એ માસ્ક ના પહેર્યું હોય તેવા લોકો પાસેથી દંડ વસૂલવા ની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે બીજા દિવસે ચાણસ્મા ના બસ સ્ટેશન વિસ્તારમાં શાકભાજી. ના ફેરીયાઓ તેમજ અવર-જવર કરતા લોકો ને જાણે કોરોના નો બિલકુલ ભય ના હોય તેમ માસ્ક વિના જોવા મળ્યા હતા ચાણસ્મા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના ના કેસોમા નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે ત્યારે તંત્ર દ્વારા કોરોના સંક્રમણ ના વધે તે માટે કડક હાથે કામ લેવા લોકોનો સુર ઉઠવા પામ્યો છે.નિખિલ જોશી**



**સુરેન્દ્રનગરના લોકપ્રિય નિવૃત પી.એસ.આઇ મૂળ કોંઢ ગામના ચંદ્રકાંતભાઈ રાવલ નું રાજકોટમાં નિધન થતા શોકનો માહોલ.કેટલાક દિવસોથી કોરોના સંક્રમણ માં રાજકોટ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા**

# સિદ્ધપુરનાં ઐતિહાસિક માધુપાવડીયા ચેકડેમમાં જંગલ કટિંગ સહિતનુ સફાઈકામ હાથ ધરાયુ

ધૃવ દવે સિદ્ધપુર

સિદ્ધપુરના ઐતિહાસિક માધુપાવડીયા ઘાટ પાસે સરકાર દ્વારા બનાવાયેલ ચેકડેમમાં પાણીના અભાવે બાવળોનું જંગલ ભાસી રહ્યુ છે.પવિત્ર સરસ્વતિ નદીમાં વહેતા પાણી-પ્રવાહનાં અભાવે સૂકીભઠ્ઠ થયેલ નદીપટમાં જળસંચય થાય તે માટે અહી આશરે ૫૦૦ મીટર પહોળા નદી પટમાં બનાવાયેલા આ ચેકડેમમાં ચાલુ વરસાદી સિઝનમાં પાણીનો ભરાવો થાય તે માટે સિંચાઈ મિકેનિકલ વિભાગ અમદાવાદ ખાતે કરાયેલી રજૂઆતોને લઈ સરકારી જેસીબી (મશીનરી) દ્ધારા આ ચેકડેમ અંદરનાં ૫૦૦ બાય ૫૦૦ (પહોળાઈ/લંબાઈ) વિસ્તારનું જંગલ કંટિંગ કરી બાવળો કાપવાની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનુ સિંચાઈ વિભાગનાં સૂત્રોએ અમારા સંવાદદાતા હર્ષલ ઠાકરને જણાવ્યુ હતુ.ઉપર મુજબના માપમાં આવતા વિસ્તારમાં બાવળ કંટિગ કરી તેનાં પટને સંપુર્ણ સ્વચ્છ કરવામાં આવશે તેવુ સૂત્રોએ ઉમેર્યુ હતું.અત્રે ઉલ્લેખનિય છે કે સ્થાનિક કેટલાંક જાગૃત પત્રકારો દ્ધારા આ સમસ્યા અંગે સમયાંતરે અખબાર અને ચેનલમાં સમાચારો આપતા આ ચેકડેમની અંદર તેમજ ચેકડેમ નજીક બનાવાયેલ કોઝ-વે સુધીના નદીપટમાં જંગલ-કંટિંગ કરી સફાઈ કરવા પાટણ સાંસદ ભરતસિહ ડાભી અને સિદ્ધપુર ધારાસભ્ય ચંદનજી ઠાકોર સહિત સિદ્ધપુર જળસંચય સમિતિ દ્ધારા સરકાર સમક્ષ આ અગાઉ ઉગ્ર રજૂઆત કરી હતી.આ રજૂઆતના પગલે આ કામગીરી હાથ ધરવામાં આવી હોવાનુ જાણવા મળેલ છે.

છેલ્લા કેટલાય લાંબા સમયથી પ્રશાસનિક ઉદાસીનતા,સ્થાનિક આગેવાનો તેમજ આમ જનતાની જાગૃતતાનાં અભાવે સનાતની હિન્દૂ સંસ્કૃતિનાં વેદપુરાણમાં પ્રસિદ્ધ શ્રીસ્થળી નગરમાંથી પસાર થતી પવિત્ર પ્રાચી સરસ્વતી નદીઘાટ તેમજ નદીપટમાં ગંદકીનુ સામ્રાજ્ય છવાઈ જવા પામ્યુ છે.આ ચેકડેમ માં પાણીનાં અભાવે ઉગી ગયેલા બાવળીયા,દુર્ગંધ મારતા છોડાતા પાણી તેમજ નિયમિત સફાઈ ના અભાવે ખડકાયેલાં કચરાનાં ઢગલાથી પવિત્ર સરસ્વતિ નદીની અસ્મિતા જોખમાઈ રહી છે.નદીની આવી દુર્દશા જોઈ ભાવિકો અને અહી તર્પણ-વિધી માટે દુર-દુરથી આવતાં શ્રદ્ધાળુઓની ધાર્મિક લાગણી પણ દુભાઈ રહી છે.ગુજરાતની સંવેદનશીલ સરકાર સિદ્ધપુરનાં નગરજનો ની સંવેદના અને શ્રદ્ધાને સમજી આ નદીમાં પાણી ઠાલવી ફરી જીવંત કરે તે જરુરી છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે આ સરસ્વતિ નદીમાં બીજી નદીનાં પાણી ઠાલવી તેમાં બારેમાસ પાણી વહેતુ કરાશે તેવી જાહેરાત કરાઈ હતી...પરંતુ આ જાહેરાત પોકળ સાબિત થવા પામી હોય તેવુ લાગી રહ્યુ છે.હિન્દુ ધાર્મિક શાસ્ત્રોમાં સરસ્વતી નદીનુ અનેરુ મહત્વ દર્શાવાયુ છે.સમસ્ત હિન્દુ સમાજમાં નદીને માતાનુ સ્થાન આપવામાં આવે છે ત્યારે આ સરસ્વતિ નદીનાં ઐતિહાસિક માધુપાવડીયા ઘાટ આજુબાજુ તેમજ ચેકડેમ થી કોઝ-વે સુધીનાં નદીપટ માં નગરપાલિકા અને તંત્ર ની નિષ્કાળજીના કારણે બારેમાસ અસહ્ય ગંદકી અને કચરો જોવા મળતો હોય છે.આ પવિત્ર સ્થળે અસ્થિપૂજા,પિંડદાન કરી માતૃ-પિતૃ ઋણમાંથી મુક્ત થવા સમગ્ર ભારતવર્ષ માંથી શ્રદ્ધાળુઓ સમગ્ર વર્ષ દરમિયાન આવતા હોય છે તેઓ આ પવિત્ર સ્થળની આવી દુર્દશા જોઈ ભારે નિસાસો નાંખી તંત્રની ઢીલી કાર્યપદ્ધતિ સામે રોષ પ્રગટ કરી આ કુદરતી ધરોહરની આવી અવદશા જોઈ ભારોભાર દુઃખ વ્યક્ત કરતા હોય છે.હવે જ્યારે આ ચેકડેમની સફાઈ કરાઈ રહી છે ત્યારે આ ચેકડેમનો રખરખાવ નિયમિત ધોરણે કરવામા આવે તેમજ ચેકડેમમાં બારેમાસ જળસંચય થાય તે ઈચ્છનિય છે.

# કેશોદ તાલુકાના મોટી ઘંસારી ગામની સિમમાં પાણીમાં રસ્તો હોય તેવું લાગી રહ્યું છે



કેશોદ: (રાજુભાઈ પંડ્યા)કેશોદ તાલુકાના મોટી ઘંસારી ગામની સિમમાં આશરે પચ્ચીસથી વધુ ખેડુતોના વાડીએ જવા માટેના જાહેર માર્ગમાં એક ખેતરના પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાના કારણે ખેતરોમાંથી આવતા વરસાદી પાણીરસ્તામાં પાણી ભરાતા પાણીમાં રસ્તો હોય તેવું લાગી રહ્યુ છે. છેલ્લાં એક મહીનાથી આજુબાજુમાં રહેતા આશરે પચ્ચીસથી વધુ ખેડુતોએ પોતાના ઘરે જવા માટે પાંચ ફુટથી વધું ઉંડા પાણીમાંથી પસાર થવું પડે છે. પશુઓ માટે ઘાંસચારો પણ પાણીમાંથી ખેડુતો પગપાળા પસાર થઈ રહયાછે તો કોઈ ખેડુતો ના છુટકે બળદ ગાડા પણ જીવના જોખમે પસાર કરી રહયા છે.મોટી ઘંસારીથી નુનારડા તરફ જતા રોડની બાજુમાં આવેલ ખેતરોના સેઢે વરસાદી પાણીના નિકાલ માટે પાણીની ગટર બનાવેલી છે. પણ એક ખેડુત દ્વારા પાણીના નિકાલ માટે ગટરની વ્યવસ્થા કરવામાં આવેલ ન હોવાથી અન્ય ખેતરોનું વરસાદી પાણીનો ભરાવો થતાં જાહેર માર્ગમાં ભરાતા ખેડુતો છેલ્લાં એક મહિનાથી પાણીમાંથી પગપાળા પસાર થઈ રહયા છે. પાણીના નિકાલ બાબતે રસ્તાના પ્રશ્ને ખેડુતો દ્વારા લાગતા વળગતા તંત્રને મૌખિક રજુઆત કરવામાં આવી છે. છતાં તંત્ર દ્વારા કોઈપણ જાતનું ધ્યાન આપવામાં ન આવતાં ખેડુતો ભારે હાલાકી ભોગવી રહયાછે ત્યારે રસ્તાની પ્રાથમિક સુવિધા પુરી પાડવામાં તંત્ર ક્યારે જાગશે તેવી ખેડુતો રાહ જોઈ રહયા છે.જે રસ્તામાં એક મહીનાથી પાણી ભરાયેલુ છે તે રાજ માર્ગ સરકારી ચોપડે વીસ ફુટથી વધારે બોલતો હોય તેવું ખેડુતોએ જણાવ્યું હતુ પણ હાલમાં માત્ર છ થી સાત ફુટ પણ રસ્તો પહોળો ન હોવાનું દેખાઈ રહ્યું છે ત્યારે જે ખેડુતોએ રસ્તાની બાજુમાં બિન કાયદેસરની કરેલ પેશકદમી તંત્ર દુર કરવામાં આવશે કે કેમ તે જોવાનું રહ્યું અત્રે ઉલ્લેખનીય છે કે કેશોદ તાલુકામાં છ મહિના પહેલા કરોડો રૂપીયાની ગ્રાંટ મંજુર કરવામાં આવી છે. જેમાં અનેક રોડ રસ્તા ડામરથી મઢવા પુલ બનાવવા સહીતના કામો મંજુર થયાછે જેમાંના કોઈ કામો શરૂ થયા છે . મોટાભાગના કામો શરૂ થયા બાદ અટકી ગયાછે ત્યારે તાલુકા ભરમાં મળેલી ગ્રાંટના કામોની તાલુકાને સુવિધાઓ ક્યારે મળશે તે પણ એક ચર્ચાનો વિષય બની ગયો છે.

# છાપી પ્રેસ યુનિટી દ્વારા નવા નિયુકત છાપી પી.એસ.આઈ નુ સ્વાગત કરાયુ




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા ના છાપી પોલીસ મથકે અગાઉ પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા એલ.પી.રાણા ની અંબાજી પોલીસ ખાતે બદલી થતા આ પોસ્ટ પર અમદાવાદ એલ.સી.બી માંથી એસ.ડી.ચૌધરી સાહેબ ની છાપી પી.એસ.આઈ તરીકે નિમણૂક થતા આજરોજ છાપી પોલીસ સ્ટેશન ખાતે છાપી પ્રેસ યુનિટી ના પ્રમુખ દશરથસિંહ સોલંકી ના અધ્યક્ષાતા માં હોદેદારો તેમજ સભ્યો દ્વારા ફુલહાર કરી શાલ ઓઢાડી મોઢું મીઠું કરાવી નવીન નિયુકત થયેલ પી.એસ.આઈ નું સ્વાગત ,સન્માન કાર્યક્રમ યોજાયો હતો જેમાં સરકારશ્રી ના ગાઈડલાઈન મુજબ મોઢા પર માસ્ક બાધી સેનેટાઈઝ થઇ સોશિયલ ડિસ્ટન્સ રાખી અને આ સમગ્ર કાર્યક્રમ કરાયો હતો

જેમાં છાપી પ્રેસ યુનિટીના પ્રમુખ દશરથસિંહ સોલંકી, ઉ.પ્રમુખ જગદીશ સોની,મંત્રી દિલીપ ગોહિલ,સહમંત્રી જયેશભાઈ મોદી, ખજાનચી સચિન શેખલિયા, તેમજ કમીટીના સભ્યો માં હુસૈનભાઈ ચૌધરી, દિપક સોલંકી,ઈરફાન વાઘેલા, ભરત પરમાર,વિનોદ ભાઈ ચૌહાણ,વર્ષાબેન રાઠોડ, અને મિડીયા કન્વીનર પ્રદિપ પરમાર પણ હાજર રહયા હતા.જેમાં પી.એસ.આઈ સંજય ચૌધરી દ્વારા આવનાર છાપી પ્રેસ યુનિટી ના તમામ હોદેદારો અને સભ્યો નું માનભેર સ્વાગત કર્યું હતું અને યુનિટી ના હોદેદારો ને મોઢું મીઠું કરાવ્યું હતું.

# પાલનપુરમાં હિન્દુ મુસ્લિમ ભાઈઓ સાથે રહીને મહાન બ્લડ કેમ્પ યોજ્યો




આજ રોજ તારીખ ૧૯/૭/૨૦૨૦ ના રોજ પાલનપુરમાં જહાનારા બાગ પાસે આવેલ બ્રાહ્મણ સમાજની વાડીમાં રક્તક્રાંતી ફાઉન્ડેશન ગુજરાત તેમજ આયાત બ્લડ સેવા સમિતિ સિદ્ધપુર , અમન બ્લડ સેવા સમિતિ સિદ્ધપુર તેમજ બ્લડ સેવા સિદ્ધપુર ના સંયુક્ત ઉપક્રમે પાલનપુર સિવલમાં આવતા ગરીબ લોકોને જરૂરિયાત ના સમય વિના મૂલ્યે બ્લડ મળી રહે તે હેતુ થી હિન્દુ મુસ્લિમ ભાઈઓ એ સાથે મળીને રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું હાલમાં કોરોના મહામારીમાં એક સેવાનું ઉમદા કાર્ય કરી વધુ પ્રેરણા રૂપ ઉદાહરણ પૂરું પાડ્યું હતું આ કાર્યક્રમમાં ભુપેન્દ્ર ભાઈ દવે ઉસ્માન ખાન પઠાણ ,ભરતભાઈ પુરોહિત,મુસ્તકીમ મલેક ,યુનુસ શેખ ,અતુલભાઈ ચોક્સી, જકી મેમન,પત્રકાર સમ્સુદીન પીંઢારા સિદ્ધપુર, પત્રકાર કપિલ ચૌહાણ અને પત્રકાર ઈમરાનખાન મોગલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા કુલ ૫૧ જેટલી બોટલો એકત્ર કરવામાં આવી હતી આ બ્લડ ની બોટલો પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ગરીબ લોકો માટે જમાં કરાવવામાં આવી હતી.અહેવાલ -કપિલ ચૌહાણ,પાલનપુર

### પાલનપુર મા આવેલ ગઠામણ દરવાજાની

# જય અંબે સેવા ટ્રસ્ટ ની વાનર સેના દ્વારા ગરીબ મધ્યમ વ્યક્તિઓને જીવનજરુરિયાત વસ્તુ આપવામા આવી

આજ રોજ પાલનપુર મા આવેલ ગઠામણ દરવાજાની જય અંબે સેવા ટ્રસ્ટ ની વાનર સેના દ્વારા ૩૦થી વધુ ગરીબ મધ્યમ વ્યક્તિઓને એક જોડી કપડાં કરિયાણાની કીટ ટુવાલ સાબુ ચપ્પલ બોલપેન નોટબુકો સ્કૂલના દફતરો ઈત્યાદિ પણ આપવામાં આવ્યા જીવન જરુરિયાત ની વસ્તુઓ આપીને તેમને મદદરૂપ થયા તેમજ જે પરિવારો પાસે કોઈ ઘર નથી તેવા જરૂરિયાતમંદ વ્યક્તિઓને પણ ઘરનું સામાન આપવામા આવ્યું નાના બાળકોને નોટબુકો બોલપેન વગેરે પણ આપવામાં આવી છેલ્લા દસ વર્ષો થી પાલનપુર માં આવેલી વાનર સેના દ્વારા વિવિધ સેવાકીય કાર્યો થઇ રહ્યા છે જેમાં લંડનમાં રહેતા ગુજરાતી પરિવાર પણ વાનર સેનાની આ સેવાકીય કાર્યોમાં



મદદરૂપ થઇ રહ્યા છે ગજરાબેન છગનભાઇ મિસ્ત્રી તથા બળવંતભાઇ છગનભાઇ મિસ્ત્રી અને કાયા કાઇશોરિબેન કિશોરભાઇ દબાસિયા પરિવાર લંડનમાં રહીને પાલનપુર માં વાનર સેના જે સેવાકીય કાર્યો કરી રહી છે તેમાં લંડનમાં રહેતા આ પરિવાર નુ ઊંડું યોગદાન છે વાનર સેનાના પ્રમુખ ભોલા ભાઇ પ્રજાપતિએ જણાવ્યું કે સાચા જરૂરિયાતમંદ વ્યક્તિઓને જીવન જરૂરિયાત ની વસ્તુઓ અમારા માધ્યમથી પહોંચે તેટલું યોગદાન મદદરૂપ અમે થઇશું ગૌવસેવા માટે ઘાસચારા તેમજ હોસ્પિટલની સેવા ગમે ત્યારે કોઇ અકસ્માતમાં વાનરની મૃત્યુ થાય તો તેની અંતિમ સંસ્કારની સેવા ગરીબો માટે ભોજન સેવા હોસ્પિટલ માં દાખલ દર્દીઓને બ્લડ પૂરું પહોંચાડવાની સેવા સેનેટાઈઝ કીટ વિતરણ સેવા કરિયાણા ની કિટ વિતરન સેવા સંતો મહંતોની રહેવા ખાવાની વ્યવસ્થા નિ સેવા સરકારી શાળાઓ માં બાળકોને સ્વેટર બુટ ચપ્પલ દફ્તર બોલપેન નોટબુકો ની સેવા ઈત્યાદી ઘણી બધી સેવાકીય પ્રવૃત્તિઓ વારસાના દસ વર્ષો થી કરી રહ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK